ગુજરાતી માઈક્રોફિક્શનનું પહેલું અને એકમાત્ર સામયિક

# સર્જન

વર્ષ ૧, અંક ૪ તંત્રી: જીજ્ઞેશ અધ્યારૂ ડિસેમ્બર ૨૦૧૬




અક્ષરનાદ
AksharNaad.com

**एकोहम बहुस्याम्।**

- છાંદોગ્ય ઉપનિષદ (૬.૨.૩)

# સર્જન

અંક ૩ ડિસેમ્બર ૨૦૧૬ વર્ષ ૧

માર્ગદર્શક– નીલમ દોશી

તંત્રી– જીજ્ઞેશ અધ્યારૂ

સંપાદક– પરીક્ષિત જોશી, રાજુલ ભાનુશાલી

ગ્રાફિક્સ, સોશિયલ મીડિયા- જલ્પા જૈન, ધવલ સોની, હાર્દિક પંડ્યા

'સર્જન' વ્યવસ્થાપકો - સોનિયા ઠક્કર, ધર્મેશ ગાંધી, સંજય ગુંદલાવકર, એન્જલ ધોળકીયા, મિત્તલ પટેલ, મીનાક્ષી વખારીયા

પ્રકાશક – પ્રતિભા ભટ્ટ અધ્યારૂ

પ્રકાશન

અક્ષરનાદ
AksharNaad.com

ડિજિટલપાર્ટનર

dailyhunt

જીજ્ઞેશ અધ્યારૂ,એ-૪૬, સાંઈનગર સોસાયટી,
ખોડીયાર નગર પાછળ, ન્યૂ વી આઈ પી રોડ, વડોદરા ૨૨
ફોન - ૯૯૭૪૪ ૧૦૮૬૮
વેબ – http://aksharnaad.com

## વાચકમિત્રો / લેખકમિત્રોને સૂચના:-

- 'સર્જન' માત્ર માઈક્રોફિક્શન વાર્તાસ્વરૂપ માટેનું માસિક ઈ-સામયિક છે એ દર માસની પંદરમી તારીખે પ્રગટ થશે.
- નવોદિત રચનાકારોને અહીં હાર્દિક આવકાર છે. લેખકમિત્રો અમારા ઈ-મેલ સરનામે કૃતિઓ પ્રકાશનાર્થે મોકલી શકે છે.
- મહત્તમ ૩૦૦ શબ્દમર્યાદામાં કૃતિ મોકલવી, બે થી વધુ ન મોકલવી. અન્યત્રપ્રિન્ટ કે ઓનલાઈન પ્રકાશિત કૃતિઓ ન મોકલવી.
- સર્જન સામયિક અને વોટ્સએપ ગૃપ સાથે સંકળાયેલા તમામ સભ્યો સ્વેચ્છાએ માનદ સેવા આપે છે, એ અનુસંધાને પ્રકાશિત કૃતિ માટે પણ પુરસ્કારનું ધોરણ રાખ્યું નથી જેની નોંધ લેવી.
- કૃતિ વર્ડમાં શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને મોકલવી, સાથે ઈ-મેલમાં નામ, ફોટો, સંપર્ક સરનામું તથા ફોન નંબર અચૂક લખવા. હાથે લખાયેલી, સ્કેન કરાયેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, તેના નિર્ણય, પ્રકાશનમાં વિલંબ થશે. પોસ્ટ કે કુરીયર દ્વારા રચનાઓ સ્વીકારાતી નથી.
- ઈ-મેલ દ્વારા માઈક્રોફિક્શન વાર્તા Sarjanmfc@gmail.comપર સબ્જેક્ટમાં For Sarjan Micro fiction magazine લખીને મોકલવી, મહત્તમ પંદર દિવસની મર્યાદામાં આપને કૃતિના સ્વીકાર-અસ્વીકાર વિશેની માહિતી વળતા ઈ-મેલ દ્વારા મળશે.
- સર્જનમાં પ્રસિદ્ધ થતા લખાણની જવાબદારી જે તે લેખકની છે, અહીં પ્રકાશિત રચનાઓ, અભિપ્રાયો સાથે સંપાદક મંડળ સંમત હોય એ જરૂરી નથી.
- માઈક્રોફિક્શનમાં વાક્યરચના, જોડણી વગેરેની ભૂલો ચકાસીને મોકલવી. એ માટે સાર્થ જોડણીકોશ કે નાનો કોશ અથવા ગુજરાતીલેક્સિકોનનું સ્પેલચેકર અથવા વિશાલભાઈ મોણપરાનું સરસ સ્પેલચેકર ઉપયોગમાં લઈ શકાય છે.
- વાચકમિત્રો પોતાના પ્રતિભાવો અમારા ઈ-મેલ સરનામે Sarjanmfc@gmail.comમોકલી શકે છે. નોંધપાત્ર પ્રતિભાવો સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

Title page by Mital Patel, Rajul Bhanushali, Shital Gadhvi

# હૃદયપૂર્વક અર્પણ..



**Gaurishankar Govardhandas Joshi ‘Dhumketu’**



**Saadat Hasan Manto**



**William Sydney Porter O. Henry**

# માઈક્રોક્રમ


સંપાદકીય.. – નીલમ દોશી ..... 5

સમયોચિત સાહિત્ય સ્વરૂપ.. - કલ્પેશ પટેલ. ..... 7

તરુબેન કજારિયા સાથે એક મુલાકાત - નીલમ દોશી ..... 9

૧. હું પણ તને ચાહું છું.. - મીરા જોષી ..... 14

૨. આક્રંદ - મીતલ પટેલ ..... 15

૩. એવોર્ડ વિજેતા - મણિલાલ વણકર ..... 16

૪. પડખું – મીનાક્ષી વખારિયા ..... 17

૫. અણગમતું કામ - નિમિષ વોરા ..... 18

૬. માંગણી - કલ્પેશ જયસ્વાલ ..... 19

૭. બા - નીતા કોટેચા ..... 19

૮. તુલસીવિવાહ - લીના વછરાજાની ..... 20

૯. તરસ - ડૉ. નિલય પંડ્યા ..... 21

૧૦. માનો યા ના માનો - સોનિયા ઠક્કર ..... 22

૧૧. સમાધાન - શીતલ ગઢવી ..... 23

૧૨. ઉદારતા - શૈલેશ પંડ્યા ..... 23

૧૩. નવાં વર્ષની મિઠાઈ - સંજય થોરાત ..... 24

૧૪. ઈચ્છા - રક્ષા મામતોરા ..... 24

૧૫. જીન્સ - વિભાવન મહેતા ..... 25

૧૬. હેલ્પ - યામિની પટેલ ..... 25

૧૭. સૌદામિની - અનસૂયા દેસાઈ ..... 26

૧૮. અગ્નિદાહ - ધર્મેશ ગાંધી ..... 27

૧૯. સિગારેટ - ધવલ સોની ..... 28

૨૦. વાંઝણી - આલોક ચટ્ટ ..... 28

૨૧. વાહ રાજા! - ધ્રુવ દવે ..... 29

૨૨. પહેલી પાટલીનો પ્રેમ - દિવ્યેશ સોડવડિયા ..... 30

૨૩. ડાઘ - દિવ્યેશ સોડવડીયા ....... 31

૨૪. મલાજો - જલ્પા જૈન, સંજય ગુંદલાવકર ....... 32

૨૫. સાક્ષાત્કાર - મહાકાન્ત જોશી ....... 32

૨૬. બંને સરખા - કલ્પેશ જયસ્વાલ ....... 33

૨૭. મેરી(!) ક્રિસમસ - પાર્મી દેસાઈ ....... 33

૨૮. હેપ્પી બર્થ ડે - સુષમા શેઠ ....... 34

૨૯. આશા - આરતી આંત્રોલીયા ....... 34

૩૦. ભંડોળ - આરઝૂ ભુરાણી ....... 34

અનુદિત માઈક્રોફિક્શન્સ ....... 35

૧. The last leaf (છેલ્લું પાંદડુ) - ઓ' હેન્રી, અનુ. : આરઝૂ ભુરાણી ....... 35

૨. The Literary Life (ફેરબદલ) - ડૅરેક પાર્કર, અનુ. – ડૉ. નિલય પંડ્યા ....... 36

૩. વિવશ વિદ્રોહ - કૃષ્ણાનંદ કૃષ્ણ, અનુ. : અનસુયા દેસાઈ ....... 37

૪. Devotion (નિષ્ઠા) - ડિયાન હેન્ડ્રિક્સ, અનુ. : સંજય ગુંદલાવકર ....... 38

'સર્જન' ચોથા અંકની ટીમ ....... 39

**ફ્લેશ ફિક્શન વાર્તા સ્વરૂપો અને તેની શબ્દ સંખ્યા**

૭ શબ્દોની વાર્તા

૧૪૦ અક્ષર - ટ્વિટર ફિક્શન અથવા ટ્વિટરેચર, લગભગ ૨૩ શબ્દો

૫૫ શબ્દો - નેનોફિક્શન

૧૦૦ શબ્દો - ડ્રેબલ

૧૦૦થી ૩૦૦/ ૫૦૦ શબ્દો - માઈક્રોફિક્શન

૫૦૦-૧૦૦૦ શબ્દો - શોર્ટ શોર્ટ સ્ટોરી અથવા ખૂબ ટૂંકી વાર્તા

# સંપાદકીય.. – નીલમ દોશી

સરકી જાયે પલ,
કાળ તણું જાણે કે એ તો વરસે ઝરમર જલ..

ક્ષણ ક્ષણ સરતી રહે છે. હાથમાં રહેલી પ્રત્યેક પળ કયારે સરકી જાય છે એની સમજ કદી કોઈને પડતી નથી.. બસ સમય સરતો રહે છે. એ જ એકમાત્ર સત્ય સરતા સમયની સાથે સતત પરિવર્તન થતું રહે છે, જૂનું ખસતું રહે છે, નવું એની જગ્યા લેતુ રહે છે. દરેક ક્ષેત્ર માટે આ વાત સંપૂર્ણ સાચી છે.

સાહિત્યના ક્ષેત્રની વાત કરીએ તો કેટકેટલા પરિવર્તન આવ્યા.. વાર્તાના સ્વરૂપ બદલાયા.. રજૂઆત બદલાઈ, વિષયો બદલાયા, વાચકોના રસ, રૂચિ મિજાજ બદલાયા. ટેકનોલોજીએ વિશ્વના સીમાડા ખોલી દીધા. સાચા અને ઉત્તમ સાહિત્યનું કામ ફકત મનોરંજન નહીં, પરંતુ સમાજ ઘડતર પણ છે એ વાત વિશ્વભરના અનેક તજજ્ઞોએ વારંવાર કહી છે. સમાજના સાંપ્રત વહેણથી એ અલિપ્ત ન રહી શકે. શબ્દો દ્વારા સમાજના ઇષ્ટ, અનિષ્ટ સામે લાલબત્તી ધરવી એ તેની નૈતિક અને સામાજિક જવાબદારી છે.

આજે ગુજરાતી ભાષાનો વપરાશ ક્રમશઃ ઓછો થતો જાય છે. માતૃભાષા મરવાની ભીતિ પણ કેટલાક લોકો સેવી રહ્યા છે. ભાષા મરે ત્યારે એક આખી સંસ્કૃતિનો નાશ થાય છે. ગુજરાતી ભાષાનું ભવિષ્ય કેવું હશે એ તો સમય જ કહેશે પણ કમનસીબે ગુજરાતી ભાષા વાંચનાર, લખનાર, સમજનારની સંખ્યા ધીમે ધીમે ઓછી થતી જાય છે એ વાસ્તવિકતા અનિચ્છાએ પણ સ્વીકારવી પડે છે. અમને ગુજરાતી નથી આવડતી એવું કોઇ ગુજરાતી વટથી કહે ત્યારે વેદનાની એક ટશર મનમાં જરૂર ફૂટે. આ ક્ષણે શ્રી ટાગોર યાદ આવે છે..

Who will take up my work?

Asks the setting sun,

None has an answer in whole silent world

An earthen lamp,

Says humbly, from a corner

As best as I can.

બસ.. અમારું આ કામ પણ ટાગોરના કોડિયા જેવું છે. અમને પૂરી શ્રદ્ધા છે કે આ ટચુકડી માઈક્રોફિક્શન વાર્તાઓ આજની યુવાપેઢીમાં વાંચનનો રસ, વાંચનની ભૂખ જગાડી, તે સંતોષી, માતૃભાષાને જીવંત રાખવામાં પોતાનો નાનકડો ફાળો જરૂર આપી શકશે. સૂરજ નહીં, પરંતુ માટીનું કોડિયું તો અવશ્ય બની શકે. આજની યુવાપેઢીને ગુજરાતી વાંચવું તો હોય પરંતુ ઘણી વાર સમયને અભાવે ઇચ્છા છતાં મોટી વાર્તાઓ ન વાંચી શકતા હોય.. (અલબત્ત સાચો રસ ધરાવનાર તો ગમે ત્યાંથી સમય ચોરી જ લે છે. એ આડવાત) ત્યારે આવી ટચૂકડી

માઈક્રોફિક્શન વાર્તાઓ એના જવાબ રૂપે એમનામાં માતૃભાષાનો રસ જરૂર જગાવી શકે. અને સમયના બહાનાનો છેદ ઊડી જાય. સર્જન તેમને ગુજરાતી વાંચન માટેનું ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યું છે અને પાડતું રહેશે.

અમારી આ આ ભાવના આજે સાચી પડતી જણાય છે. અનેક ભાવકોના આવા સુંદર પ્રતિભાવ મળે છે. જે ગુજરાતી નહોતા વાંચતા એ પણ આ વાર્તાઓ જરૂર વાંચે છે એવું અનેક લોકો કહે ત્યારે અમારા સૌનો આનંદ દ્વિગુણિત ન થાય તો જ નવાઈ. સર્જન અંક પહેલો બહાર પાડ્યો ત્યારે ક્યાં કલ્પના હતી કે આટલી ઝડપથી વાર્તાના આ સ્વરૂપનો સ્વીકાર, સ્વયંભૂ પ્રચાર થશે? અમારી ધારણા કરતા પણ એને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મમતા અને દિવ્ય ભાસ્કરના ઉત્સવ મેગેઝિન દ્વારા એ અસંખ્ય વાચકો સુધી પહોંચી. લોકોએ આવકારી, વખાણી, અમારા ઉત્સાહને જાણે દોડવાનો ઢાળ મળ્યો. અને અમારા તંત્રી અને સર્વે લેખકોએ જાણે બીડું ઝડપી લીધું અઢળક વાર્તાઓ લખાતી રહી, મઠારાતી રહી. ગુણવત્તામાં બાંધછોડ કર્યા સિવાય, ગુણવત્તાને ભોગે કશું જ નહીં એ અમારા સર્જનનો મુદ્રાલેખ છે. લખાયેલી બધી જ વાર્તાઓ અનેક વાર ચળાય છે, ગળાય છે, વારંવાર મઠારાય છે. વારંવાર પુનઃ લેખન કરતા અમારા લેખકો કદી થાકતા કે કંટાળતા નથી એનો આનંદ અને ગૌરવ છે. કસોટી બાદ જ એ આપ સૌ સમક્ષ પહોંચે છે એની પ્રતીતિ અમારો દરેક અંક આપને અવશ્ય કરાવતો હશે અને કરાવતો રહેશે. એ સમયાંતરે સર્જન નવા નવા રૂપ, રંગ ધારણ કરીને આપની સમક્ષ આવતું રહેશે અને ઉત્તરોતર આપનો વધારે આવકાર પામતું રહેશે એ વિશ્વાસ છે.

લાંબું લખવું બહુ અઘરી વાત નથી. પણ ટૂંકુ લખવું, થોડામાં ઘણું કહેવું ખરેખર અઘરી વાત છે. શબ્દો વધી જાય ત્યારે સતત કાપકૂપ કરતા રહેવું અને છતાં વાર્તાતત્વને કોઇ નુકસાન ન થવા દેવું, જે કહેવાનું છે એ કહેવાઈ જવું જોઇએ એ જહેમત માગી લે છે પરંતુ સર્જનના લેખકો જહેમત ઉઠાવવામાં ક્યાં પાછા પડે છે? સર્જન ઝડપભેર આગળ વધી રહ્યું છે. માઈક્રોફિક્શન વાર્તાઓએ ધીમે ધીમે સાહિત્યમાં અને વાચકોમાં એક આદરભર્યું સ્થાન અંકે કરી લીધું છે એમ હું નિઃશંક પણે કહીશ. એની લોકપ્રિયતા રાજાના કુંવરની જેમ દિવસરાત વધતી રહી છે. અમને અમારા કાર્યથી સંતોષ જરૂર છે પણ સંતોષ માનીને બેસી રહીએ તેમ હરગિજ નથી. હજુ વધારે આગળ જવાની અમારી આ સહિયારી યાત્રા તો અનેક નવા નવા પ્રયોગો, સુધારાઓ સાથે ચાલતી રહેવાની ત્યારે સૌ વાચકોના પ્રેમનું પીઠબળ સતત અમારી સાથે રહેશે જ એ અંગે કોઇ શંકા નથી.

સર્જનના આ અંકમાં અમે તરૂબેન કજારિયાની મુલાકાત લીધી છે જે મેઘાણી પરિવારના નિકટના સ્વજન છે. તેમને અહીં શબ્દો દ્વારા મળવું આપને અવશ્ય ગમશે. અમારા સર્જન પરિવારનું અમને સૌને ગૌરવ છે. એના તંત્રી અને સર્જનના દરેક લેખક એ માટે અભિનંદનના હક્કદાર છે. અમારા હોંશીલા, ખંતીલા તંત્રી જીજ્ઞેશભાઈના માર્ગદર્શન નીચે થાક્યા વિના અવિરતપણે કામ કરવા સૌ તત્પર છે. અનેક જવાબદારી હોંશે હોંશે સંભાળે છે. અહીં સઘળી જવાબદારી સહિયારી છે કેમકે સર્જન અમારું છે. હજુ એક પછી એક નવા પીંછા એમાં ઉમેરાતા રહેશે અને સાહિત્યના આકાશમાં સર્જન નીખરતું રહેશે એની ખાત્રી. સર્જનના તાણાવાણા, એનું પોત નિતનવા રંગ, રૂપ સાથે આપની સમક્ષ આવતું રહેશે ત્યારે આપ સૌ વાચકોનો સ્નેહ પણ આ જ રીતે અમારી સાથે સદા રહેશે એ શ્રદ્ધા

ભીતરમાં છે જ. તો મિત્રો, સર્જન અંક ૪ માણવાનું આપને અવશ્ય ગમશે. આપના પ્રતિભાવો આપવાનું ભૂલશો નહી, અમારું ઈ-મેલ સરનામું છે Sarjanmfc@gmail.com

- નીલમ દોશી

## સમયોચિત સાહિત્ય સ્વરૂપ.. - કલ્પેશ પટેલ.

સાહિત્ય ક્યાં લગી ટકશે? મારો જવાબ છે જ્યાં લગી માનવજાત ટકશે. મનુષ્યની લાગણી, સંવેદના, દુ:ખ, પીડા અને હર્ષને સાહિત્ય વિધ વિધરૂપે અને સ્વરૂપે તેની સચ્ચાઈ સમેત પ્રગટ કરે છે. મનુષ્યના આત્માનો એ અવાજ છે. વાલ્મીકિ અને વ્યાસ, કાલિદાસ અને ભવભૂતિ, કબીર અને તુલસી, નરસિહ અને મીરા કે પછી અખો અને પ્રેમાનંદ દરેકે આ જ તો કર્યું છે.

સાહિત્યનું કન્ટેન્ટ અલબત્ત સંવેદના ભલે હોય પરંતુ માત્ર એટલાથી કલાકૃતિ બનતી નથી. સંવેદના અને વિષયવસ્તુ ઉપરાંત એમાં જરૂરી છે એનું ફોર્મ – સ્વરૂપ. સમયના વીતવા સાથે જરૂરીયાત ઊભી થતી ગઈ તેમ તેમ અવનવા સાહિત્ય સ્વરૂપો અસ્તિત્વમાં આવતા ગયા. સાથે સાથે નવા યુગને પ્રતિકૂળ થવા લાગેલા કેટલાક સ્વરૂપો આઉટ ઓંફ ડેટ થતા ગયા. ડાયનાસોરની જેમ મહાનવલો હવે ભૂતકાળ છે. અલબત્ત ભવ્ય ભૂતકાળ! શરૂશરૂમાં સાહિત્ય પદ્યમાં જ હોય એવી માન્યતા વર્ષો સુધી રહી. અઢારમી સદી પછી ગદ્ય અને એમાય ફિક્શન સર્વાધિક પોપ્યુલર થયું. નવલકથા જુદીજુદી રીતે જીવનને ઊંડાણમાં લેતી થઇ. અસંખ્ય પાત્રો ધરાવતી નવલકથાને પણ વધુ કલાની સૂક્ષ્મતા સુધી લઇ જવાના સર્જનાત્મક પ્રયાસો થતા રહ્યા. જેમાંથી એકાદ બે પાત્રોનો જ સંઘર્ષ નિરૂપતી લઘુનવલો પણ જન્મી. નવલના સમાન્તરે જ નવલિકાએ ગજું કાઢ્યું. જેમાં સ્લાઈસ ઓંફ લાઇફ એટલે કે સમગ્ર જીવન નહિ પરંતુ જીવનના કોઈ એક ચોક્કસ કાલખંડને કલાના સ્તરે ઊંચકવામાં આવે છે. સામયિકોમાં પ્રગટ થતી, એકાદ બેઠકમાં જ વાંચી શકાય એવી નવલિકાઓંનો પણ એક જમાનો હતો.

નવલિકા આજે અપ્રસ્તુત છે એવું કહેવાનો આશય નથી. મારે તો એટલું જ કહેવું છે કે સાહિત્ય માનવજીવન સાથે જોડાયેલું છે, માનવ માટે છે અને તેથી જ મનુષ્યના જીવનમાં આવતું પરિવર્તન એમાં ઝીલાશે જ! આજે માણસનું જીવન અગાઉ કરતા વધારે સંકુલ બન્યું છે. સતત દોડધામ એ વર્તમાન મનુષ્યની નિયતિ છે. એ આશીર્વાદ છે કે અભિશાપ એની ગવેષણામાં આપણે નથી પડવું. પરંતુ હવે આપણી પાસે એવો ફાજલ સમય નથી કે આપણે પ્રસ્તારી લેખન વાંચી શકીએ. આપણી શાશ્વત દોડમાં વિશ્રામની સ્થિતિ હવે દિવસોમાં નહિ, કલાકોમાં પણ નહિ બલકે ક્ષણોમાં છે. સંકુલતા અને સુક્ષ્મતા એની વિશેષતા છે. આજકાલ માઈક્રો શબ્દ બધે જ વપરાવા લાગ્યો છે જેનો શબ્દકોશગત અર્થ નાનું, લઘુ, સુક્ષ્મ એવો થાય છે. માઈક્રોફિક્શનને સુક્ષ્મ કથા કહી શકાય.પણ તેના નામ

કરતાય મહત્વનું એનું કામ છે. એ જો જાણી-નાણીને લખવામાં ન આવે તો એક ટુચકો બની શકે. માઈક્રોફિક્શન લખવું એટલે વીજળીના ચમકારે મોટી પરોવવું. મર્યાદિત સ્પાનમાં બહુ મોટી વાત કરી દેવી. સુરેશ દલાલે વાર્તાવિશ્વની પ્રસ્તાવનામાં હળવી શૈલીમાં માર્મિક રીતે ટુચકો અને વાર્તાનો ભેદ બતાવ્યો છે. કોઈ એ કહ્યું કે માત્ર એક જ વાક્યની વાર્તા હોઈ શકે? કે જેમાં રોમાન્સ, રહસ્ય અને ધર્મ હોય? તો કોઈએ પડકાર ઝીલતાં લખ્યું : ઓહ ગોડ, આઈ એમ પ્રેગનન્ટ બટ ડોન્ટ નો હું ઈઝ ધ ફાધર? તો આ ટુચકો છે. માઈક્રોફિક્શન નથી. ભાષાનો મેદ પણ નહિ, ઠઠારો પણ નહિ અને બિનજરૂરી પ્રસ્તાર પણ નહિ. ઘૂંટાયેલ શબ્દની સાથે અનુભૂતિની સઘનતા હોવી જોઈએ. લેખક પાસે એડીટીંગની કળા હોવી જોઈએ. વધારાનું એક વાક્ય નહિ બલકે શબ્દ પણ કળાને મારી નાખે. અઘરું છે, બહુ અઘરું છે.પણ અશક્ય નથી. આજના યુગની સાથે તાલ મિલાવવા માટે આ સ્વરૂપ સાર્થક તેટલું સમયોચિત છે. શુભકામનાઓ.

- કલ્પેશ પટેલ

*(તરુબેન કજારિયા - પરિચય*

*કલકત્તામાં જન્મ અને ઉછેર, પિતા શ્રી રમણીકભાઈ મેઘાણી જાણીતા લેખક, સંપાદક, અનુવાદક અને નેશનલ સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત, માતા બંધુબહેન મેઘાણી પણ છલોછલ સર્જકતા અને ભાષા સમૃદ્ધિથી સુસજ્જ.*

*રાજકારણ અને દર્શનશાસ્ત્ર સાથે સ્નાતક તથા ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ સાથે અનુસ્નાતક તરુબેન લેખન, સંપાદન, અનુવાદ, સર્જનાત્મક લેખન, અવલોકન, આસ્વાદ, વિશ્લેષણાત્મક લખાણો, સંવાદ, ચર્ચા ઈત્યાદી પ્રત્યાયનના અનેક માધ્યમોમાં અનુભવ ધરાવે છે. ૧૯૮૩માં જન્મભૂમિ જૂથના અખબારમાં તંત્રી વિભાગમાં સેવા, આરંભમાં સબએડિટરિંગ કરતાં કરતાં શ્રી હરીન્દ્ર દવેના હાથ નીચે ઘડતર, ૧૯૮૬થી ૨૦૦૭ સુધી જન્મભૂમિ પ્રવાસીની સાપ્તાહિક પૂર્તિનું સંપાદન. ઓલ ઈન્ડિયા રેડિયો, વર્લ્ડ રેડિયો, દૂરદર્શન તથા અન્ય ચેનલો પર કાર્યક્રમો-મુલાકાતો. પત્રકારત્વના વિદ્યાર્થિઓને તાલીમ તથા માર્ગદર્શન. ૨૦૦૭થી ફ્રિલાન્સ પત્રકાર, ગુજરાતી મિડ ડે તથા મુંબઈ સમાચારમાં નિયમીત કોલમ, શબ્દસૃષ્ટિ, ચિત્રલેખા, અહા જિંદગી તથા અન્ય સામયિકોમાં લેખન, પુસ્તક સંપાદન - પ્રકાશન તેમ જ પત્રકારત્વ ક્ષેત્રે માર્ગદર્શન. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં કન્સલ્ટન્ટ. તરુબેનના અનેક ખૂબ વંચાયેલા અને પ્રશસ્તિ પામેલા પુસ્તકો પ્રકાશિત થયા છે તેમજ તેઓ અનેક પુરસ્કારોથી સન્માનિત થયા છે.)*

# તરુબેન કજારિયા સાથે એક મુલાકાત - નીલમ દોશી

**૧. આપે સર્જનના ત્રણ અંકની ઝલક જોઇ હશે. આપને સામયિક કેવું લાગ્યું? એમાં કોઇ ફેરફાર કરવા જોઈએ? આપનો નિખાલસ અભિપ્રાય જાણવો ગમશે. આપની દ્રષ્ટિએ એને વધારે સારું બનાવવા શું કરી શકાય?**

કશુંક નવું, કશુંક અનોખું વિચારવું, કરવું, જોવું મને બહુ જ પ્રિય છે. એવું કશુંક થાય ત્યારે મને બહુ મજા આવે છે. સાહિત્યના ક્ષેત્રે ‘સર્જન’નો આ માઇક્રોફિક્શનનો પ્રયોગ એવી જ તાઝગીભર્યો લાગ્યો. ગમ્યો. સર્જકોનો ઉત્સાહ સ્પર્શી ગયો. એમ તો આપણી જૂની કહેવતો કે રુઢીપ્રયોગો અને સૌથી વધુ તો અખાના છપ્પા પણ માઇક્રોફિક્શનના કુળના જ છે ને! આજથી પચીસેક વર્ષ પહેલાં જન્મભૂમિમાં હતી ત્યારે હું વિચારતી કે દિવસે દિવસે તેજરફતાર બનતી જતી જિંદગીમાં લોકોને લાંબા-લાંબા સમાચારો વાંચવાનો સમય કે રસ નહીં રહે તો આપણે ન્યુઝ કેપ્સ્યુલ્સમાં આપવાની શરૂઆત કરવી જોઈએ!

‘સર્જન’નાં લોગો ડિઝાઇનિંગ, લે-આઉટ નવી અપેક્ષા જગવે છે.

નિખાલસ અભિપ્રાય માગવાનું જોખમ તમે ખેડ્યું છે તો પ્રામાણિકપણે મારા પ્રતિભાવ આપું છું. આશા છે તે એવી જ સ્પોર્ટિંગલી લેવાય.

ત્રણેય અંકોમાં પ્રગટ થયેલી તમામ માઈક્રોફિક્શન્સ વાંચી, મજા આવી ગઈ. પરંતુ અનેક રચનાઓ માઈક્રોફિક્શન સુધી પહોંચવાના પથ પર જણાય છે. એડિટિંગને અવકાશ છે.

બીજી વાત : પ્રોમ્પ્ટ ઉપરથી માઇક્રોફિક્શન લખવાનું હોય ત્યારે તે પ્રોમ્પ્ટ પણ બને એટલા ટૂંકા હોય તો વાર્તાકારોને વધુ ઇમેજિનેટિવ બનવાનો સ્કોપ રહે અને એના ઉપયોગમાં વિવિધતા અને રેન્જ જોવા મળે એવું મને લાગે છે.

ત્રીજી વાત મુદ્રણ અંગે છે. આપણે સૌ નસીબદાર છીએ કે પ્રિન્ટિંગ ટેકનોલોજીના અદભુત વિકાસના સુફળ એન્જોય કરી શકીએ છીએ. પરંતુ તેની મર્યાદાઓથી વાકેફ થઈને તેનો ચોકસાઈપૂર્વક વિનિયોગ કરવાની આપણી જવાબદારી છે. સર્જનના ઓક્ટોબર-નવેમ્બરના અંકમાં મુદ્રણદોષ વાંચવામાં ખટકે છે. અલબત્ત આગળ કહ્યું તેમ એ પેસ્ટિંગ એરર કે ફાઈલ કન્વર્ઝન ઇત્યાદી જેવા ટેકનિકલ કારણસર હોઈ શકે. પરંતુ અલ્ટિમેટલી એ વાચનમાં રસક્ષતિ ચોક્કસ કરે છે. મારું માનવું છે કે દરેક લખાણની ફાઈલ અપલોડ કર્યા બાદ ફાઈનલ અંક સાઇટ પર અપલોડ કરતાં પહેલાં ફરી એકવાર પ્રૂફરિડિંગ થવું જોઈએ જેથી આ પ્રકારની ઉણપ રહેવા ન પામે. અથવા આપને ત્યાં આઈ.ટી ટીમના સભ્યોની નિપુણતાનો લાભ લઈ આ ક્ષતિ નિવારી શકાય.

**એક સૂચન - ફિક્શન શબ્દનો અર્થ જ વાર્તા છે તો 'સર્જન' ને માઈક્રોફિક્શન વાર્તાનું મેગેઝિન કહેવાને બદલે 'માઈક્રોફિક્શનનું મેગેઝિન' કહેવું યોગ્ય નથી?**

**૨. એક સર્જક, વાચક, ભાવક તરીકે માઈક્રોફિક્શન વાર્તાનું સ્વરૂપ આપને આકર્ષે છે ખરું?**

હા, ચોક્કસ. કહેવું હોય તે ટૂંકાણમાં રજુ કરવું વધુ પડકારરૂપ છે અને પડકારો મને આકર્ષે છે. અલબત્ત, મુગ્ધાવસ્થામાં દીર્ઘ નવલકથાઓ વાંચવી વધુ ગમતી અને આજે પણ ગમતી કલમે લખાયેલી નવલિકા કે નવલકથા વાંચવી ગમે જ.

**૩. માઈક્રોફિક્શન વાર્તાના ભવિષ્ય આપના મતે કેવું રહેશે?**

આજના યુગમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે થયેલી અદ્‌ભુત ક્રાંતિના પરિણામે જાતજાતની ચેનલ્સ, ગેઝેટ્સ અને ઍપ્સ આપણા સમય પર તરાપ મારી રહ્યા છે ત્યારે વ્યક્તિના વાચન માટેના સમયનો ભોગ લેવાયો છે. દૃશ્ય-શ્રાવ્ય માધ્યમની જોરદાર પકડે વાચનની રુચિને પણ પ્રભાવિત કરી છે. એ સંજોગોમાં માઈક્રોફિક્શન એ બધાના પડકારો ઝિલી શકે તેવું સબળ માધ્યમ બની શકે એવી સંભાવના જણાય છે. વળી તેની ઓનલાઈન ઉપસ્થિતિ તેને બહોળી પહોંચ આપે છે જેમાં યુવાઓની સંખ્યા વધારે છે. આ પણ એક પોઝિટિવ ફેક્ટર છે.

**૪. આપ જન્મભૂમિના પ્રવાસીની સાપ્તાહિક પૂર્તિ મધુવનના ખાસ્સા વરસો સુધી સંપાદક રહ્યા છે. એ દરમ્યાન માઈક્રોફિક્શન વાર્તાઓ કદી એમાં પ્રકાશિત થયેલી? કે એ વાર્તાઓના કોઇ પરિચયમાં આવવાનું બનેલુ?**

જન્મભૂમિ પ્રવાસીની પૂર્તિમાં અમે હપ્તાવાર નવલકથા પ્રગટ કરતા અને બે નવલકથાઓ વચ્ચેના બ્રેકમાં નવલિકાઓ કે ટૂંકી વાર્તાઓને સ્થાન આપતા. પણ લેખોમાં માઈક્રો કદને સ્થાન હતું. મને યાદ છે, ૧૯૮૬થી ૨૦૦૭ સુધી જન્મભૂમિ પ્રવાસીની સાપ્તાહિક પૂર્તિની સંપાદક હતી ત્યારે મને સૌથી વધુ પ્રતીક્ષા લાભશંકર ઠાકરના લખાણોની રહેતી. તેમનો લેખ મળે કે તરત જ તે વાંચવાનું આકર્ષણ રહેતું. પણ એટલું ક્રિએટિવ અને સચોટ કે વાંચતા કંઈ કેટલાય કમાડો ઊઘડી જાય! તેમના લેખમાં એક શબ્દ તો શું, એક અક્ષર, કાનો-માત્રા પણ એડિટ કરવાનો અવકાશ ન હોય. અંગ્રેજી શબ્દ પ્રયોજીને કહું તો 'ઇમ્પેકેબલ'. એવા એ માઈક્રોપ્રોઝની તાકાત મેં માણી છે.

**૫. આપના મતે સારી વાર્તાના મૂળભૂત તત્વો કયા કયા?**

સૌથી પહેલાં તો એક સશક્ત વાર્તા તત્ત્વ. વાચકને પકડી રાખે તેવી વાર્તા રચવાની શક્યતા હોય તેવું સ્ટોરી એલિમેન્ટ કે વાર્તાબીજ પાયાની જરૂરિયાત. એ સાથે જ તેને રજુ કરવાની શૈલી અને ભાષા પાયાના પરિબળો

ગણી શકાય. અસામાન્ય વિષયવસ્તુ, હ્રદયસ્પર્શી રજુઆત, સરળ છતાં ધારદાર ભાષા, પાંડિત્ય કે જ્ઞાનપ્રદર્શનનો તલભાર પણ પ્રયાસ ન હોય એવી વાર્તાઓ ચોક્કસ વાચકને પકડી - ઝકડી રાખવામાં સફળ થાય.

**૬. નવોદિત લેખકોને વધારે સારી વાર્તા લખાઇ શકે એ માટે તમારા તરફથી કોઇ સૂચનો આપશો?**

માત્ર વાર્તા લખવા માટે જ નહીં, પત્રકારત્વ કે સાહિત્યના ક્ષેત્રમાં સક્રિય થવા ઇચ્છનારે ખૂબ વાંચવું અને લખવું જરૂરી છે. હરીન્દ્ર દવે અમને સલાહ આપતા કે રોજના હજારથી દોઢ હજાર શબ્દો લખો. લખીને એ વાંચીને ભલે કચરાટોપલીમાં નાખી દો. મને એ સલાહ ખૂબ કામ લાગી છે. આજે તો આવા પ્રેક્ટિસ માટેના લખાણોને પણ કમ્પ્યુટરમાં એક ફાઇલ કે ફોલ્ડરમાં સાંચવી શકાય છે. નવા લખાણોની સમય-સમય પર એ લખાણો સાથે સરખામણી કરતા રહીએ તો લેખનયાત્રાના વિકાસની કસોટી માટે પણ એ બહુ ઉપયોગી બને. મારું માનવું છે કે સ્થૂળતા અને મુખરતાં કરતાં સૂક્ષ્મતા અને વ્યંજના વાર્તાને વધુ આકર્ષક અને પ્રભાવક બનાવે છે. વિશ્વસાહિત્યની વાર્તાઓ વાંચતા રહી અધ્યતન પ્રવાહોથી વાકેફ રહેવું પણ જરૂરી છે.

**૭. વાર્તાલેખન માટે કોઇ બંધારણ કે નિયમોને અનુસરવું જોઈએ?**

દરેક સાહિત્ય પ્રકારના પાયાના નિયમો હોય એમ વાર્તાલેખનના પણ હોવાના. પરંતુ સર્જનાત્મક સાહિત્યમાં નવોન્મેશ અને વૈવિધ્યને ભરપૂર અવકાશ હોવો જોઇએ એમ હું માનું છું. મેં આ સાહિત્યપ્રકારને ઝાઝો ખેડ્યો નથી પણ જેટલી વાર્તાઓ લખી છે તેમાં આ ફ્રીડમ માણી છે. રોજ સવારે ઊઠું ત્યારે મને એમ થાય કે આજે કંઇક નવું, રોમાંચક બનવું જોઇએ. વરસો પહેલાં એક વાર મને એક બહુ સુંદર ડાયરી ભેટ મળી હતી. મને યાદ છે, મેં તેના પહેલાં જ પાને આ વાત લખી હતી. પછી મેં બીજું વાક્ય લખ્યું હતું: ‘ભલે જિંદગીમાં ન બને, મારી કલમથી તો હું એવું નવું, અનોખું કંઇક કરી જ શકું ને!’ વાર્તા થકી જે નવી દુનિયાનું આપણે સર્જન કરી રહ્યા હોઇએ તેને મહત્તમ પ્રતીતિકર બનાવવા આપણા કલા-કસબને સતત અપડેટ કરતા રહેવું અને વર્તમાન-ભાવિ પ્રવાહોથી માહિતગાર રહેવું જરૂરી છે.

**૮. ગાંધીજીના મત મુજબ વાર્તા છેવાડેના માણસ, કોશિયા સુધી પહોંચે એવી હોવી જોઇએ. આ વિચાર અંગે તમારો અભિપ્રાય? કેમકે આજે લખાતી સાહિત્યિક વાર્તાઓ સામાન્ય વાચકને સમજવામાં, માણવામાં અઘરી, દુર્બોધ લાગે છે.**

આપણે જે લખીએ છીએ તેનો મૂળ હેતુ એ વંચાય અને પછી એ સમજાય(અલબત્ત, એના અર્થઘટનમાં ભરપૂર વિવિધતા હોવાની શક્યતા છે) એટલો તો હોય જ ને! પર્ંતુ દરેક ભાવક કે વાચકની રુચિ, ગ્રહણક્ષમતા અને

બૌદ્ધિક સ્તર જૂદાં-જૂદાં હોવાના. એટલે એક્ને દુર્બોધ લાગે એવી વાર્તા બીજા વાચક માટે ઉત્તમ વાર્તા હોય એવું બની શકે. સાહિત્યિક વર્ગને જ લક્ષ્યમાં રાખીને લખાતી વાર્તા અને સામાન્ય વાચકોને લક્ષ્યમાં રાખીને લખાતી વાર્તાઓમાં આ ફેર રહેવાનો. બાકી વાર્તા એ સાહિત્યનો મનોરંજક પ્રકાર છે એટલે કોઇ પણ વાર્તા ભાવકને આગળ વાંચવા લલચાવે નહીં કે એક-બે પાનાંમાં જ અટકાવી એ તો એ તેના રસનિષ્પત્તિના લક્ષ્યમાં ઊણી ઊતરે છે. અને સરવાળે પોતાને જ હાનિકર બનતી હોય છે એમ મારું઼ માનવું છે.

**૯. વાર્તાનું કયું સ્વરૂપ વાંચવાનું આપને વધારે ગમે? માઈક્રોફિક્શન વાર્તાઓ, લઘુકથા કે નવલિકા માઈક્રોફિક્શન વાર્તાઓ આપને ગમે? આપના પ્રિય વાર્તાકારો?**

ઉપર કહ્યું એવી મજબૂત કૃતિઓ વાંચવી ગમે. હિમાંશી શેલતની વાર્તાઓ પ્રત્યે આવું ખેંચાણ અનુભવું છું અને તેમની વાર્તાઓ અચૂક મારી અપેક્ષા કરતાં વધુ નિકળી છે. ધીરુબહેન પટેલની 'આગંતુક' અને ધ્રુવ ભટ્ટની ‘સમુદ્રાન્તિકે’ મારી ઓલ ટાઇમ ફેવરિટ છે. ભગવતીકુમાર શર્માની ‘અસૂર્યલોક’ હોય કે ‘નવનીત-સમર્પણ'માં વાંચેલી ઇવા ડેવની લઘુનવલ, આ બધાએ મને એક નવી જ દુનિયાનો રોમાંચક અને યાદગાર અનુભવ કરાવ્યો છે. મને લાગે છે કે નવલિકા અને નવલકથા વાંચવાનો વૈભવ જેમણે માણ્યો છે અને હજીય માણવો છે તેઓ તો એ પ્રકારને વફાદારીથી વળગી રહેવાના. હા, સમયના સતત દબાણ વચ્ચે માઈક્રોફિક્શન વાર્તાપ્રેમીઓને ગમી જાય એવો વાર્તાપ્રકાર છે અને તેનો સ્વાદ લેવો પણ ગમે જ.

**૧૦. તમારા કોઇ પણ સર્જન માટે તમે કોઇ પૂર્વતૈયારી કરો છો ખરા? કઇ રીતે? માહિતીની જરૂર હોય ત્યારે તો અચૂક કરવી પડે એ સમજી શકાય. પણ માહિતીની એવી કોઇ જરૂર ન હોય ત્યારે?**

કોઇ પણ લખાણને સુંદર સર્જન માટે પૂર્વતૈયારી તો કરવી જ પડે. પત્રકારત્વના લેખો કે અહેવાલો હોય તો તે સંબંધી માહિતી, બૅકગ્રાઉન્ડર ઇત્યાદી ફંફોસવી પડે. આજ-કાલ ઇન્ટરનેટ થકી એ બધું મેળવવું સહેલું થઈ ગયું છે. સાહિત્યિક કે સર્જનાત્મક લખાણોમાં પણ અમુક ફેક્ચ્યુઅલ માહિતી માટે આ પ્રક્રિયા જ કરવી પડે. બાકી વાર્તા કે નવલકથા માટે પ્લોટ મનમાં આછી રૂપરેખા કે સ્કેચ રૂપે હોય. વાર્તાના બે થી ત્રણ ડ્રાફ્ટ લખાય પછી ફાઈનલ કૃતિ તૈયાર થાય છે.

**૧૧. આપનું  સર્જન કઈ રીતે અવતરે છે? આપની લેખન પૂર્વેની અને પછીની મનોદશા કહેશો.**

મને આસપાસની પ્રકૃતિમાં, દુનિયામાં, લોકોમાં, તેમનાં જીવાતાં જીવનમાં, અમુક-તમુક  પરિસ્થિતિમાં તેમના વર્તન-વાણી કે વ્યવહારનું નિરિક્ષણ કરવાની ખૂબ મજા પડે છે. મોટા ભાગના મારા લખાણોનાં બીજ મને આમાંથી

મળી રહે છે. એ સ્થિતિએ મારા મનમાંં સર્જેલા સંચલનોમાં કલ્પનાને છૂટ્ટો દોર આપી વાર્તાનો ઘાટ આપું છું. મનમાં આ પ્રક્રિયા એક વાર શરૂ થાય ત્યાર બાદ એ શબ્દસ્થ ન થઈ જાય ત્યાં સુધી ગજબનો અજંપો અનુભવાય છે. અલબત્ત કેટલી બધી વાર બહુ તીવ્રપણે સ્ફૂરેલા પ્લોટ વ્યસ્તતા વચ્ચે ભૂલાઈ જાય છે. કેટલાક અનુભવોની તીવ્રતા પણ એવી જ રીતે બુઠ્ઠી થઈ જાય છે અને વણજન્મી વાર્તાઓ ભીતર જ દફન થઈ જાય છે. ત્યારે ગુમસુમ થઈ જાઉં છું. આ માટે હવે જ્યારે પણ એવો કોઈ તિખારો અનુભવું કે તેને નોંધી લઉં છું.

**આ એક માઇક્રોફિક્શન, તેના મૂળ અને ઇમ્પ્રોવાઇડ વર્ઝન્સમાં:**

રિમાઇન્ડર!

બસમાં એક યંગ છોકરીએ પોતાની સીટ પરથી ઊભાં થઈ તેને જગ્યા આપી થોડી જ વાર પહેલાં વરસો પછી મળેલા કલિગે આપેલા ‘એવરયંગ'ના કોમ્પ્લીમેન્ટ સાંભળી ખિલી ઊઠેલા તેના ચહેરાની ચમક તફડાવી લીધી!

*

વરસો પછી મળેલા કલિગના ‘એવરયંગ’ના કોમ્પ્લીમેન્ટ સાંભળી તેનો ચહેરો ખિલી ઊઠ્યો. બસમાં એક યંગ છોકરીએ પોતાની સીટ પરથી ઊભાં થઈ તેને જગ્યા આપી અને એ મુરઝાઈ ગયો!

*

વરસો પછી મળેલા કલિગના 'એવરયંગ'ના કોમ્પ્લીમેન્ટ સાંભળી મલકાતે ચહેરે એ બસમાં ચડી. એ મમળાવતી આજે સિટ માટેના રોજિંદા રઘવાટ વગર એ ઊભી હતી. ત્યાં એક યંગ છોકરીએ પોતાની સીટ પરથી ઊભાંં થઈ તેને જગ્યા આપી. તેણે મુરઝાયેલા ચહેરે કહ્યુંં, 'થેન્ક્સ!'

- તરુબેન કજારિયા, મુલાકાત નીલમ દોશી


## Sarjan magazine on social media

/ sarjangujarati.microfiction / sarjan_mfc

/ sarjangujarati 99744 10868

# ૧. હું પણ તને ચાહું છું.. - મીરા જોષી

"અનિરૂદ્ધ, નાનપણથી મેં એક કલ્પના કરી હતી, હિમાલયની ભૂમિ પર વસવાની... ત્યાંની પરમ શાંતિને હ્રદયમાં ભરીને પરિતૃપ્ત થવાની અદમ્ય ઝંખના હતી મને... આજે એ ઝંખનાની પૂર્તિનો દિવસ છે, અનિરૂદ્ધ. તારા મૈત્રીઋણથી મુક્તિ આપ મને."

હિમાલયનાં બરફમય શિખરોની પેલીપાર સફેદ ચાદર ઓઢેલી કેડીઓનાં નિર્જન, અલૌકિક વૈભવમાં થીજી ગયેલી ખુશનુમા સવારે ઉર્વશી તેનાં જીવનનો વળાંક કંડારવા આવી હતી.

"ઉર્વશી, પરિવાર, મિત્રો અને મને છોડીને, સંબંધોથી અલિપ્ત રહીને તું તારી મુક્તિનો માર્ગ શોધવા નીકળી છે? શું તને ક્યારેય પ્રેમ અને હૂંફની તલપ નહીં લાગે?"

"આ મુક્તિની શોધમાં મારું અંતર વર્ષોથી ભટકે છે અનિરૂદ્ધ.. હું કોઈ સંબંધોનો છેદ કરીને નથી જતી. દરેક સંબંધને જીવીને, તરબોળ પ્રેમ આપીને હું એક બીજી મલયભૂમિમાં કદમ મૂકવા માંગુ છું. અને પ્રેમ જેવો કોઇ ભાવ મારા જીવનમાં સ્થાપિત થયો જ નથી."

"જાણું છું પણ તે બરફમાં થીજેલું ગુલાબ જોયું છે ઉર્વશી? એ હું છું.. હું આજેય તને ચાહું છું."

"પણ તે કદી કહ્યું કેમ નહીં કે તું મને... અનિરૂદ્ધ, પારિજાતના ફૂલ જેવી કોમળ મિત્રતા તેં નિભાવી જાણી, પણ મને પ્રેમથી અલિપ્ત રાખી?"

"હા, પણ તારી મુક્તિની શોધ આડે મારો પ્રેમ ક્યારેય નહીં આવે."

"તારા પ્રેમનાં અવલંબનથી, એષણાઓથી દૂર રહી મારે મુક્તિની શોધ કરવાની છે."

ઉર્વશીએ નિસાસો નાખ્યો, અનિરૂદ્ધની આંખમાં જોઈને કહ્યું, "પણ જે પથ પર જવા માટે હું અત્યાર સુધી આતુર હતી ત્યાં આજે મારા પગ કેમ જડાઈ ગયા છે? જાણે મારા હ્રદયમાં પીડાનું પડ ખુલી ગયું છે. એક નવી જ પીડા... એવું લાગે છે જાણે કંઈક છૂટી રહ્યું છે."

"ઉર્વશી, તારા હ્રદયનાં ઊંડાણમાં આપણા આટલાં વર્ષોનાં મધુર અનુરાગોનો નવો ઉદય થયો છે."

"નહીં, એ માર્ગ મને બોલાવે છે. હું પણ તને ચાહું છું, પણ મને તારી ઝંખના નથી. તારી સાથે નિકટતમ આનંદથી સભર જીવનની એષણા નથી મને. હું માત્ર ચાહું છું આપણા સંબંધને, આ પ્રેમની લાગણીને..." ને અનિરૂદ્ધ ઉર્વશીને જતી જોઈ રહ્યો... તેનાં કાનમાં ઉર્વશીનાં શબ્દો ગુંજતા રહ્યા.. "હું પણ તને ચાહું છું"

- મીરા જોષી

# ૨. આક્રંદ - મીતલ પટેલ

“ગંગુ, હું આ કામ નથી કરવાનો, મારા માટે શક્ય નથી. હંમેશા એક ભૂતાવળ મારી આસપાસ મંડરાય છે, એમના કુટુંબીજનોનું આક્રંદ સુવા નથી દેતું.”

“સોનુના બાપુ, આ કામ છે તો આપણે બે ટંકના રોટલા ખાઈએ છે, બીજું કામ મળવું.. આ તો સરકારી નોકરી આખી જીંદગી પૈસા મળશે, સોનુને સારું ભણાવી શક્શું.”

“પણ હવે સહન નથી થતું, લાગે બહુ મોટું પાપ કરું છું.”

“બધા હોય છે ને.. જજ, ડૉક્ટર, ઇન્સ્પેક્ટર, તમે તો નિમિત માત્ર છો, તમારે શું કરવાનું છે? બસ કાળું કપડું અને એક હાથો..”

“એ હાથાનો ભાર તને ખબર નથી ગંગુ.. તું ક્યારેય નહીં સમજી શકે!”

“શું થયું સોનુના બાપુ, ફરી એજ ભયાનક સપનું.. પાંચ વર્ષોથી સમજાવું છું, આટલું ન વિચારો, કસાઈઓ કામ નથી કરતા? એ પણ તમારી જેમ.. રાત્રે ઊઠી – ઊઠીને ચીખે છે?”

“એવું નથી ગંગુ, યાદ છે મારો બાળપણનો મિત્ર સરજુ?”

“એ જને જેની પત્ની અને પુત્રીના ખૂનના બદલામાં પોલીસે પકડ્યો હતો?”

“પરિવારને એ જાનથી પણ વધારે ચાહતો હતો, બે દિવસ પછી એને ફાંસી..”

પતિની વિસ્ફારિત આંખો જોઈ ગંગુ અંદરથી હચમચી ગઈ.. પતિને ખોવાનો અજ્ઞાત ડર.. પતિની ગૂંગળામણનો એણે પ્રથમ વખત અનુભવ કર્યો. એને બાળકની જેમ પ્રેમથી સૂવડાવ્યો પણ ગંગુની ઊંઘ ઊડી ગઈ..

બીજા દિવસે અધિકારીની શીતકોટડીમાં..

"સાહેબ, સોનુના બાપુ હવે આ કામ નહીં કરે. એમની જગ્યાએ હું? તમારો મોટો ઉપકાર થશે..”

- મીતલ પટેલ

# ૩. એવોર્ડ વિજેતા - મણિલાલ વણકર

"રમેશભાઇ, ઘેર છો ને?"

"હા કોણ? આવો."

બિપિનભાઈ ટપાલી ઘરની અંદર આવ્યો, એક કવર આપ્યું અને રજિસ્ટરમાં સહી લીધી.

ટપાલીના ગયા પછી તેમણે કવર ખોલ્યું. રાષ્ટ્રપતિ ભવન તરફથી હતું. તેમણે વાંચવાનું શરૂ કર્યું. વાંચતાં વાંચતાં વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એમણે તે નીચે નાખી દીધું! એમને અચાનક સાંભર્યું કે આ..

તેમની આંખો વરસી પડી. તેમણે ફરીથી દરેક વાક્ય વાંચ્યું, સ્વગત બોલ્યા; "આખરે સત્યની જ જીત થઈ."

તેમણે મન મક્કમ કરીને તે કાર્યક્રમમાં જવાનું નક્કી કર્યું. બરાબર અગિયારમી તારીખે દિલ્લી પહોંચ્યા. રાષ્ટ્રપતિ ભવનમાં કાર્યક્રમ હતો. તેમને પોતાના જીવનકાળ દરમિયાન વિજ્ઞાનક્ષેત્રે કરેલી શોધ અને તેમાંય મંગળયાન પ્રોજેક્ટની કામગીરીમાં તેમની ખાસ થિયરી માટે 'ભારતરત્ન' એનાયત થવાનો હતો.

તેમના નામની જાહેરાત થઈ. તેઓ ઉભા થઇને સ્ટેજ પર ગયા, અને એવોર્ડ લેવાની સવિનય ના પાડી. રાષ્ટ્રપતિએ આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે તે રડી પડ્યા.. આખરે સ્વસ્થ થઇને તેઓ બોલ્યા; "આ પ્રોજેક્ટની થિયરી મારી નથી.."

- મણિલાલ જે.વણકર

# ૪. પડખું – મીનાક્ષી વખારિયા

"તને કવ સું સવલી, ઉંચવરણ ઝેવા નખરાં આપડાં ઝેવી વહવાયાની ઝાતને પોહાય નય. હું ભલે મહાણમાં મડદા બાડતો હોંવ પણ સોડીને હાહરે મોકલવાનાં હપના તો હુંય ઝોંવ સુ... મનિયાને હો ભણાવવો સ..."

"પણ તારા ઝેવો ધણી મેલીને હું..?"

"મરી ગયલી... હાને હાટુ રૂપનાં ટોપલા લઇને ઝલમી સો... તારા રૂપને ચ્યાં હંતાડુ... વાલા મૂઇ... માની ઝા, નકર મારો હાથ ઉપડી ઝાહે... એકવારનું પડખું દેવાનું સ... રોઝનું થોડું સ? વીહ હઝાર રૂપિયા કમાતા તો હંધો ઝલમારો વયો ઝાય... ને તારે કાયાને હાસવવી સ.. ઈવડો ઈ સેઠિયો હું બગાડી લેવાનો સ? આમેય મરવા વાંકે તો ઝીવે સ... હાળો"

સવલીએ ધણીની વાત માનીને સેઠિયાને પડખું...

ઉબકાં આવે એવા સેઠિયાએ કડકડતાં વીહ હઝાર ઓલીનાં ધણીને ઓરી દીધાં.

ને વળતે દહાડે સવલી કોઇને કીધાં વિના...

- મીનાક્ષી વખારિયા.

# ૫. અણગમતું કામ - નિમિષ વોરા

"દાદા, આ મારી બાની જવાબદારી મારી પર ના હોત તો ક્યારેય હું આવી નોકરી સ્વીકારત નહીં. મારા જેવો ડ્રાયવર આપણા ગામમાંજ નહીં પણ આખા જિલ્લામાં નહીં મળે.. છતાં જુઓ હાલત, સામે ચકચકિત ગાડી છે, ટાંકી ભરેલી છે, પાવર સ્ટિયરિંગ છે તોય દરરોજ સાફ કરી કમ્પાઉન્ડમાં એક નાનો રાઉન્ડ લગાવી ફરી બંધ કરી દેવાની.. નફરત છે મને આવા કામ પર.."

"રઘુ, હજુ માંડ દસ દિવસ થયા તારે નોકરીને.. ગામ નાનું છે.. ભગવાનની કૃપા કે તારે ગાડીનો ઉપયોગ નથી કરવો પડ્યો"

રઘુ અને કમ્પાઉન્ડર દાદાની વાત ચાલતી હતી ત્યાં જ રઘુને હોસ્પિટલમાંથી મળેલ ફોન રણક્યો.. પૂરા દસ દીવસ મૂંગો રહેલો એ ફોન તરત રઘુએ ઉપાડ્યો.. સામે છેડેથી ડોક્ટર ઉતાવળે બોલ્યા, "રઘુ, ૧૫ કિમિ દૂર હાઇવે પર ઢાબા પાસે એક બાઇકને અકસ્માત થયો છે, તું તરત નીકળ"

ફોન કટ કરી રઘુ રીતસરનો દોડ્યો.. તેનો પહેલો 'પ્રોજેક્ટ' હતો. ગાડી રીતસરની મારી મૂકી ને બીજી પંદર મિનિટે તો દર્દી સાથે હોસ્પિટલમાં હતો.. ત્યાં એક માજી રીતસરનું આક્રંદ કરતા હતાં.

રઘુનું 'કામ' પતી ગયું હોવા છતાં તે ઓપરેશન થિયેટર બહાર બેસી રહ્યો... પૂરા ત્રણ કલાક..

ડૉક્ટર બહાર આવતાં જ પેલી સ્ત્રીએ ઘૂંટણીયે પડી પોક મૂકી, "સાહેબ બચાવી લો મારા દીકરાને, એ એક જ મારા જીવનનો આધાર છે.."

ડૉક્ટરે તેમને ઉભા કરી સાંત્વના આપતાં કહ્યું "માજી, ફક્ત પાંચ જ મિનીટ માટે આપણે ઉપરવાળાની કોર્ટમાંથી કેસ જીતી ગયા.. જો પાંચ જ મિનીટ મોડું થયું હોત તો...."

ડૉક્ટર પાછળ ઉભેલા કમ્પાઉન્ડર દાદાની નજર રઘુ પર ગઇ.. તેની આંખોની ભીનાશ જાણે કહી રહી હતી.. "મને આ કામ ગમે છે."

- નિમિષ વોરા.

## ૬. માંગણી - કલ્પેશ જયસ્વાલ

મંદિરમાં આંખો બંધ કરીને તેણે પ્રાર્થના કરી, "હે ભગવાન એટલું આપ કે તારા શરણે બેઠેલા ભિખારીઓને હું બે ટંક ખવડાવી શકું."

પ્રાર્થના કરીને તે ફરીથી હારમાં ગોઠવાયો, પોતાની જમાતમાં!

- કલ્પેશ જયસ્વાલ

## ૭. બા - નીતા કોટેચા

"સીમા ઉઠ, મને ભૂખ લાગી છે અને તું પણ જમી નથી. ચાલ જમી લઈએ નહીં તો પછી માથું ચડશે તને.."

દર બે દિવસે આ ક્રમ થતો. સીમા અને બા વચ્ચે કોઈ પણ કારણસર ઝગડો થતો. પણ બા કદી સીમાને મૂકીને જમતા નહીં. આજે પણ એ જ વાત.. ઘરના બધા હસતા, કે કેવો છે સાસુ વહુનો પ્રેમ કોને ખબર?

આજે પણ સીમા સૂતી હતી. સીમાનું માથું બહુ દુઃખતું હતું. કાલ રાતથી તે બહુ રડી હતી. અને બા નો અવાજ આવ્યો, "જમવા ચાલ."

"આવું બા.."

"સીમા કોની સાથે વાત કરે છે? ક્યાં છે બા?" મુકેશે પૂછ્યું.

"બા સાથે. કાલ થી મને રડાવી ને હવે જમવા બોલાવવા આવ્યા છે. જમવું પડશે નહીંતર પાછા એ ન જમે."

"બા ક્યાં છે?"

સીમા ને યાદ આવ્યું કે બાએ રાતનાં ૨ વાગે શ્વાસ છોડ્યો હતો ને સવારના જ એમને અગ્નિદાહ...

પણ ત્યાં પાછો દરવાજાના મિજાગરાનો અવાજ આવતાં એના શરીરમાંથી ઝણઝણાટી પસાર થઈ... બધું ઈશ્વર પર મૂકી એણે આંખો મીંચી દીધી..

- નીતા કોટેચા " નિત્યા"

# ૮. તુલસીવિવાહ - લીના વછરાજાની

આઈ.સી.યુ. માંથી બહાર આવેલા ડૉક્ટરે માધવને અપડેટ આપ્યા, "હવે કોઇ જોખમ નથી. પેશન્ટને મળવું હોય તો બે મિનિટ મળી શકાશે."

માધવ બેડ પર નિસ્તેજ થઇને સૂતેલી તુલસીના ગાલ પર હળવેથી ટપલી મારીને બોલ્યો.. "પાગલ, તુલસી દરેક અવતારમાં માધવની જ હોય. શું કામ આટલી ગુનાની લાગણી અનુભવ્યા કરે છે? વાંક મારો જ કે હું મારા વ્યસ્ત બિઝનસ શેડ્યુલમાંથી તને સમય ન ફાળવી શક્યો."

તુલસીની આંખમાં હવે પસ્તાવા કરતાં ઉપકારનો ભાવ દેખાયો. દસ દિવસ પહેલાં જ બપોરે હંમેશની જેમ એકલી તુલસીના મોબાઇલ પર મેસેજ પ્રગટ્યો. 'હાય ગોર્જિયસ, મળવાનું મન છે? ક્યારે?"

હજી તુલસી વાંચે એ પહેલાં બપોરે અચાનક ભૂલાઈ ગયેલી ફાઇલ લેવા ઘરે આવેલા માધવની નજર પડી. તુલસી હક્કાબક્કા.

માધવની વેપારી ધીરજ કામ આવી.. પ્રેમથી પૂછતાં તુલસી વહી ચાલી..

"હું ચોક્કસ તારી ગુનેગાર છું. પણ કારણ કોઇ શારીરિક આકર્ષણ નહીં બલ્કે મારી એકલતા માત્ર છે. સોશિયલ મીડિયાનો આ નેગેટીવ એરુ મને આભડી ગયો."

માધવ કહે, "આપણું ૧૫ વર્ષનું લગ્નજીવન સુગંધી છે અને આકર્ષણ એ માનવસ્વભાવ છે. હા એને સંયમ કે પતનના રસ્તે વાળવું એ જ તો આપણી મેચ્યોરીટીની પરિક્ષા છે."

છતાં ચારેક દિવસ પહેલાં તુલસીને ઊંઘની દવાના ઓવરડોઝ લેવાના કારણસર બેભાનાવસ્થામાં દાખલ કરવામાં આવી.

ડિસ્ચાર્જ થયેલી તુલસીના કપાળ પર માધવે કંકુનો ચાંદલો કરીને કહ્યું.. આજ પુનઃ તુલસી વિવાહ.. ને મનમાં હસ્યો..

- લીના વછરાજાની

# ૯. તરસ - ડૉ. નિલય પંડ્યા

સરકારી હૉસ્પિટલમાં ખળભળાટ મચી ગયો હતો. આજે રાત્રે ફરી પૅથોલૉજી વિભાગમાંથી લોહીનાં સત્તર સૅમ્પલ ગાયબ થયા હતા. આજે સતત ત્રીજો દિવસ હતો કે જ્યારે તપાસ માટે આવેલાં લોહીનાં સૅમ્પલ સવાર થતાં ગાયબ થયા હતાં. અને કમનસીબી એ હતી કે છેલ્લાં એક મહિનાથી પૅથોલૉજી વિભાગમાં મારી જ નાઇટડ્યુટી ચાલતી હતી.

જો કે મારાં પર કોઇ આરોપો ન હતાં.આખીયે હૉસ્પિટલમાં મારું ખૂબ જ માન હતું.

તે દિવસે હૉસ્પિટલમાં ખૂબ જ પૉલીસ તપાસ ચાલી - પણ ન કોઇ સુરાગ કે ન કોઇ કડી. સાંજ પડવા છતાં ચીફ ઈન્સ્પૅક્ટર શર્માને કંઈ તાળો મળતો ન હતો. અંતે એવું નક્કી થયું કે આજે આખી રાત શર્મા પોતે મારી સાથે લૅબોરૅટરીમાં હાજર રહેશે.

રાતનાં બે વાગ્યા. હું અને શર્મા બન્ને સજાગ હતાં. મને તરસ લાગી હતી.

ત્રણ વાગ્યા. મારી તરસ વધતી જતી હતી.

ફરી એક કલાક વીત્યો. ચાર વાગતા જ હવે મારી તરસ હદ વટાવી ગઇ.

ઘડિયાળમાં સાડા ચારનો ટકોરો પડ્યો. એક ખુરશીમાં લોહીથી ખરડાયેલી અને પેટમાં છરો ખૂંપેલી શર્માની લાશ પડી હતી.

બીજી તરફ હું...

- ડૉ. નિલય પંડ્યા

# ૧૦. માનો યા ના માનો - સોનિયા ઠક્કર

શહેરથી દૂર પહાડોની વચ્ચે આવેલા ગામમાં બે બાળકો આજે પોતાની કલા બતાવવાના હતા. બ્લેક જ્હોન ને વ્હાઈટ ડેવિડની જોડી કઈ કલા બતાવશે એ ચર્ચાનો વિષય હતો.

થોડી વારમાં કાર્યક્રમ શરૂ થયો. વાયોલિનવાદન શરૂ થયું ને ગામલોકોમાં કલબલાટ શરૂ થયો, 'આમને અટકાવો', 'સંગીત બંધ કરાવો.'

આ વાતોથી બેખબર બાળકો સૂરની સાધનામાં વ્યસ્ત બન્યા. અચાનક ગામની એક વ્યક્તિ ઊભી થઈ મોટેથી બોલી પડી, 'પ્લીઝ, સ્ટોપ. અમારા ગામને શાપ છે કે જે આ ગામમાં વાયોલિન વગાડશે એ હંમેશને માટે પથ્થર બની જશે.'

બધાં સ્તબ્ધ થઈ ગયા, આ વિશે બંનેને ખ્યાલ જ નહોતો. હવે?

શાપની અસર શરૂ થઈ ગઈ, ઇચ્છવા છતાં તે સૂર રોકી શકતા નહોતા. જ્હોન અને ડેવિડના પગ જડ થયા, મૃત્યુ સામે દેખાતું..

માતાપિતા ગુમાવી ચૂકેલો જ્હોન દાદીને યાદ કરી રડવા લાગ્યો. વૃદ્ધાનો તે એકમાત્ર સહારો હતો.તો પાછળ ઊભેલા ડેવિડની આંખમાં આક્રોશ હતો. અનાથાશ્રમમાં જીવતો મૃત્યુ સામે બાથ ભીડવા કટિબદ્ધ થયો.

ધીમે ધીમે શરીર પાષાણ બનવા લાગ્યું. સંગીત ચરમસીમાએ હતું, ગામલોકો માસૂમ ફૂલને પથ્થર બનતા જોઈ રડી રહ્યાં હતાં.

'ઊઠ જ્હોન, તારે વાયોલિન વગાડવા જવાનું નથી!' દાદીએ તેને ઢંઢોળ્યો.

'હેં?' ગભરાયેલો જ્હોન પથારીમાંથી બેઠો થયો. આ બધું સ્વપ્ન હતું એવી ખબર પડતાં શાંત થયો. બાજુમાં પડેલાં પુસ્તક પર નજર ગઈ 'માનો યા ના માનો'.. ને ભયનું લખલખું પસાર થયું.

- સોનિયા ઠક્કર

## ૧૧. સમાધાન - શીતલ ગઢવી

"શું જુએ છે? ..તું આટલો હલકો થઈ જઈશ.. મારી સમજ બહાર છે. મેં જ તને બનાવ્યો.. તું કંઇક અલગ બની ગયો!"

સામે મેં મારી જ જાતને મારી પર ક્રોધ કરતી જોઈ.

"હા.. તો.. ક્યાં સુધી સચ્ચાઈ અને અચ્છાઈની પીપુડી વગાડ્યા કરવી.. સારું કર્યા પછી મળે શું? વાહ વાહ.. એનાથી પેટ ન ભરાય.. સમજ્યો.."

ફોનની રિંગ વાગી.. "અશોક આવતીકાલનું પ્રશ્નપત્ર મળ્યું.."

એણે ફોન મૂક્યો અને કોઈ નબળી પળ આવીને વિચાર બદલી જાય એ પહેલા ચાલતી પકડી.. જો કે છાતીમાં કશુંક બટકી ગયું હતું એ એને ખબર પડી તો ખરી જ!

- શીતલ ગઢવી

## ૧૨. ઉદારતા - શૈલેશ પંડ્યા

કુબેર નગરમાંથી ભીખમા મળેલ રોટલાનો પેલો ટુકડો લક્ષ્મી હજી મોંમાં મૂકવા જ જાય છે ત્યાં એની નજર ખાલી હાથે પાછા ફરેલા ધનરાજ પર પડી.. અને લક્ષ્મીએ પોતાનો રોટલો એનાં છાલીયામાં નાખી દીધો. અડધો પોતાના દિકરાનાં છાલિયામાં..

- શૈલેશ પંડ્યા.

# ૧૩. નવાં વર્ષની મિઠાઈ - સંજય થોરાત

'મઠીયા, ચોરાફળી, ચેવડો... અમારા માટે?' એકસાથે આટલું બધું જોઈને ટિનિયો અને પિંકી રાજી થઈ ગયા.

'હા, મોહનથાળ, મગસ, કાજુકતરી અને કોપરાપાક પણ છે.'

ઝળહળતી દીવાળીની મઘમઘતી મિઠાઈ જોઈને આખો પરિવાર રાજીનો રેડ હતો.

'મમ્મી, કેમ આટલી બધી મિઠાઈ?'

'આજે નવું વર્ષ છે!'

'પણ... આ બધાંના ટૂકડા કેમ છે?'

'લે... માંગી ખાનારને તે આખી મિઠાઈ હોતી હશે?'

- સંજય થોરાત

# ૧૪. ઈચ્છા - રક્ષા મામતોરા

લગ્નની તારીખ નજીક આવતી ગઈ તેમ શ્યામાની ઉદાસી વધુ ઘેરી બનતી ગઈ. શ્યામાને ઉદાસ જોઇ પિતાએ એક દિવસ પૂછયું, "બેટા, તું આ સગપણથી ખુશ તો છે ને?"

શ્યામાએ આખરે મનનો ઉભરો પિતા સમક્ષ ઠાલવ્યો. પિતાએ શ્યામાનું સગપણ તોડી એમ.બી.એ. નું ફોર્મ લઈ તેના હાથમાં થમાવ્યુ. ઉલ્લાસનું એક વિશાળ મોજુ શ્યામાને ભીંજવી ગયું.

- રક્ષા મામતોરા

## ૧૫. જીન્સ - વિભાવન મહેતા

પપ્પાએ સવાર સવારમાં ગુસ્સામાં ફોન પછાડ્યો, "સાલો મેનેજર, સમજે છે શું એના મનમાં? ઘેર પણ શાંતિથી બેસવા નથી દેતો. કામ સાથે નિસ્બત રાખતો હોય તો?"

એટલામાં વોંશીંગ મશીન પાસેથી મમ્મીનો ગુસ્સાથી લાલચોળ ઘાંટો સંભળાયો, "એય રીતુડી, અહીં આવ, જો આ તારા જીન્સમાંથી શું નીકળ્યું? ગઈકાલના ફીલ્મ શોની ટીકીટના અડધિયા! અમને એમ કે બહેનપણીને ત્યાં વાંચવા જાય છે! હવે તમે જરા ધ્યાન આપો તો સારુ નહીંતર.." ગુસ્સામાં બરાડી મમ્મીએ પપ્પા સામે જોયું.

પપ્પાએ બૂમ મારી, "રીતુઉઉઉઉ.."

મમ્મીએ ફરી ગર્જના કરી, "એને પૂછજો કોની સાથે ગઈ હતી?"

પપ્પા પૂછે એ પહેલાં જ મેં કહી દીધુ, "હું, કલ્પના અને સ્મિતા. તમારી બેંકમાં સુલેખાઆન્ટી છે ને એ અમને પોપકોર્નના કાઉન્ટર પાસે મળ્યા હતા." પપ્પાના કપાળે પ્રસ્વેદબિંદુઓ મેં ખરેખર જોયા કે મારો ભ્રમ માત્ર...

- વિભાવન મહેતા

## ૧૬. હેલ્પ - યામિની પટેલ

બચાવો.. બચાવો.. નાનકડા હાથ રોજની જેમ બારણું ઠોકી રહ્યા હતા. બારણું ખુલ્લું જ હતું. એણે ધીરેથી બારણું ખોલ્યું અને સૂરજના પ્રકાશથી એની આંખો અંજાઈ ગઈ. રાત્રે કદાચ... ના.. ના.. અંકલ આવશે. દારૂની વાસ.. આંખો ખેંચતી એ ટેરેસ પર આવી. બીજું એકમાત્ર બારણું બંધ હતું. એણે નીચે જોયું. રમકડા જેવી ગાડીઓ અને કીડી મંકોડા જેટલા માણસો. પાળી પર ચડી એણે હાથ જોડ્યા, “સુપરમેન હેલ્પ.”

એણે કુદકો માર્યો. એની બહાવરી આંખો સુપરમેનને શોધી રહી. ત્યાં તો એ અટકી. એણે ખુશ થઇ પાછળ ઉપર જોયું. સળિયામાં ભરાયેલું ફ્રોક ફસકાઈ રહ્યું હતું.

- યામિની પટેલ

# ૧૭. સૌદામિની - અનસૂયા દેસાઈ

રણજીતે આંખ ઉઘાડી, લાગ્યું કે તે સ્વપ્નમાં છે. બાજુમાં એક પરિચારિકા બેઠી હતી. ઉઘાડી આંખે સ્વપ્ન? તેણે ફરી આંખ મીંચી, તો કપાળે સુંવાળો હાથ ફર્યો. ના,સ્વપ્ન નથી, દર્દ થયું પણ તે એકાએક બેઠો થઈ ગયો. દીવાના ઝાંખા પ્રકાશમાં બરાબર ન દેખાતા પૂછ્યું, “આપ કોણ?”

“હું જીવતી વીજળી“ કહી એ હસી અને રણજીતનો હાથ પકડ્યો. એ સહેજ કંપી ગયો.

“કેમ દાઝી ગયા ?”

આછાં તેજમાં એની આંખોનો ચમકાર અને અવાજ રણજીતને સૌદામિનીની યાદ અપાવી ગયો.

“રણજીત, શું વિચારો છો?"

“અરે, આપ મને ઓળખો છો?”

“હા, આપ મને ઓળખતા નહીં હો, પણ હું તમને ભૂલી નથી. આપની સેનામાં જોડાવા આવેલી પણ સ્ત્રીપ્રવેશ નિષેધ..!”

“ઓહ..! સૌદામિની“ રણજીત ચમક્યો..

“હા, તમારી દામી, તમે તો અંગ્રેજોના બહિષ્કાર કરતા મારો પણ... જવા દો, દેશપ્રેમે મને આઝાદીની ચળવળમાં ઘાયલોની સેવા કરવા પરિચારિકા બનાવી દીધી”

“દામી, શું કરું? હજુ એ જલિયાંવાલા બાગનો હત્યાકાંડ નજર સામે છે. બદલાની આગ અને જીવ હંમેશ હથેળી પર, તારો સાથ કેમ નિભાવું?”

“રણજીત! પંદર વર્ષથી તમે છુપાઈને લૂંટ-માર કરો છો... તમારી લડાઈની રીત સાચી હોત તો ક્યારનો અંગ્રેજસત્તાનો અંત આવ્યો હોત.”

“હજુ જોજો, આ.. સેનાપતિના શબ્દ પર દેશ માટે બલિદાન આપનાર ઘણા છે.”

“પણ મહાત્માજીના કહ્યા પ્રમાણે અહિંસક લડાઈ આપો ને.. હિંંસક બની તમે સૌ બહારવટિયાની જેમ નીકળી પડો પણ તમને પકડવા અંગ્રેજો ગરીબ નિર્દોષ જનતાને હેરાન કરે છે, તેનું શું?”

વાતવાતમાં મધ્યરાત્રી વીતી ગઈ. વહેલી પ્રભાતે રણજીતે નીકળી જવું હતું. થોડીવાર ખામોશી છવાઈ. એની દ્રષ્ટી સૌદામિનીના સચવાઈ રહેલા સૌંદર્ય પર ગઈ. ત્યાં જ બંનેની વાતો સાંભળી બહાર ચોકી કરતો ચૌદ-પંદર વરસનો છોકરો દોડી આવ્યો.

“આવ કાર્તિક, આ મારો સેનાપતિ.”

“સેનાપતિ, તમારી પાસે બંદૂક નથી?” અનિમેષ રણજીતે પૂછ્યું.

“અમે નિ:શસ્ત્ર લડવૈયા“ રણજીત તરફ જોઈ રુઆબથી કાર્તિક બોલ્યો, “હું ગાંધી મહાત્માની ટોળીનો છું અને તમને સાચા બહારવટાની રીત શીખવવા આવ્યો છું.”

“વાહ, બોલો સેનાપતિ..“

“એક મિનીટ રોકાજો, હું હમણાં આવું છું.“ કહી નમન કરી દોડી જતા કાર્તિકને જોઈ રણજીત વિચારમાં.. આ કોની પ્રતિકૃતિ?

- અનસૂયા દેસાઇ

## ૧૮. અગ્નિદાહ - ધર્મેશ ગાંધી

રોજ સવાર થાય ને દેવ નીકળી પડતો. સ્મશાનના મેઈન ગેટ પાસે આવીને ઉભડક બેસી જતો. આવતા-જતાનું નિરીક્ષણ કરતો રહેતો.

અહીં રોજ કોઈક ને કોઈક મૃતદેહ લવાતો. મૃત શરીર પર અત્તર છંટાતુ ને એને સુખડના હારથી શણગારાતો. ધાર્મિક વિધિઓ થતી, પછી બધાં સગાં-સ્નેહીઓ વલોપાત કરતાં કરતાં એને અગ્નિદાહ દઇ દેતા!

મૃતદેહને સળગતો મૂકી, કોઇક પોતાના મોબાઇલમાં ડૂબી જતું, કોઇક પત્તા રમવામાં મશગૂલ થતું, કોઇક રાજકારણની ચર્ચાએ ચઢતું, તો કોઇક મરનારના ગુણ-અવગુણનું વિશ્લેષણ કરતું.

દેવ આ બધું અપલક નજરે નિહાળતો રહેતો, અને વિચારતો... “મારી સાથે પણ કંઇક આમ જ બન્યું હશે !”

- ધર્મેશ ગાંધી

# ૧૯. સિગારેટ - ધવલ સોની

સિગારેટ મોં મા મૂકીને એણે પાકીટમાંથી પાંચ રૂપિયાનો સિક્કો ચા વાળા છોકરાના હાથમાં પકડાવ્યો ત્યાં જ તેની નજર રસ્તાની પેલે પાર ભાઈબંધો સાથે બીડી પીતાં પોતાના છોકરા પર પડી.

સિગારેટ જોશથી ફેંકીને ગુસ્સામાં એ સામે રસ્તે દોડ્યો. ત્યાં પહોંચતા જ બે તમાચા ઝીંકતા એ બોલ્યો, "આ શીખવાનું છે તારે આ ઉંમરે.? બદતમીઝ"

રસ્તાની આ બાજુ ચા વાળો છોકરો અધૂરી સિગારેટ ઉઠાવી રહ્યો હતો.

- ધવલ સો

# ૨૦. વાંઝણી - આલોક ચટ્ટ

લગ્નજીવનને બાર વરસ થવા છતાં શરીર બેડોળ થવાની તેમજ બાળકનાં ઉછેરની જવાબદારી માથે પડવાની બીક હોવાથી, પતિ અને સાસુની વારંવાર વિનવણી છતાં ગર્ભ ધારણ કરવાનું ટાળતી આજની મોર્ડન વહુ બરખા કીટીપાર્ટીમાં જવા માટે બહાર નીકળતી હતી,

ત્યાં પડોશમાં રહેતાં માલતી કાકીએ બરાડીને પૂછ્યું. “બરખા, પેલી દસ વરસથી વાંઝણી અનીતાને ત્યાં બાબો આવ્યો તેને જોવા જાઉં છું, તારે આવવું છે?”

બરખાએ નકાર ભણીને કાર પોતાની કીટીપાર્ટીનાં વેન્યુ તરફ હંકારી મૂકી. ઘરની અંદર તેનાં સાસુ આંસુઓ લૂછતાં બહાર આવીને બોલ્યા, “ઉભા રહેજો માલતીબેન હું આવું છું.”

- આલોક ચટ્ટ

# ૨૧. વાહ રાજા! - ધ્રુવ દવે

"અરે, જો પેલો ગાંડો. પોતાની જાતને રાજા-મહારાજા સમજે છે."

ગલ્લા પર વિનય અને સુશીલ સામેથી આવતાં એક ગાંડા ઉપર ટિખળ કરતાં હતાં અને પાનની પિચકારીઓ માર્યે જતાં હતાં.

"લ્યા વિનય, આ શું સમજતો હશે હેં? લાખ્ખોનું દેવું કર્યું, ચૂકવવા માટે ઘરબાર બધું છોડ્યું, દેવું ચૂકવ્યું ને આખરે? થઇ ગ્યો પાગલ, આવા લોકો જન્મતા કેમ હશે?”

કોઇએ આપેલાં બિસ્કીટ ગાંડાએ એક ભિખારી બાળકને આપી દીધાં.

"વાહ રાજા" ગલ્લાવાળો બોલી ઉઠ્યો.

વિનય-સુશીલનાં પાનથી ભરેલાં મોં ખુલ્લાં જ રહી ગયાં.

- ધ્રુવ દવે

# ૨૨. પહેલી પાટલીનો પ્રેમ - દિવ્યેશ સોડવડિયા

"પહેલી જુલાઈ!... આજે હું કેમ ભૂલી શકું? આજે તો તેનો બર્થડે." સવારે અલાર્મ વાગતાની સાથે તારીખ જોઈ દેવ પથારીમાંથી સફાળો ઉભો થતાં મનમાં બોલ્યો. તરત તેણે વોટ્સઅપનું સ્ટેટ્સ બદલ્યું, 'હેપ્પી બર્થડે...' પાછળ કેક અને ફુગ્ગાના સિમ્બોલ સેટ કર્યા.

"તેને ગુલાબ બહુ ગમતું એટલે ગુલાબનો પુષ્પગુચ્છ લઈ લઉં, સાથે લાલ ટીલડીઓ તો ખરી જ, મેં પ્રપોઝ કર્યું ત્યારે આસમાની રંગની ઓઢણીમાં કેટલી સરસ લાગતી હતી! એક આસમાની ઓઢણી, અરે... ડાર્ક ચોકલેટ પાછળ તો તે પાગલ! એટલે ડાર્ક ચોકલેટ." બજાર જતા દેવે મનોમન ખરીદીનું લિસ્ટ તૈયાર કર્યું.

બધું લઇને તે વીજળીની હાઈટેન્શન લાઈનની નીચેની સરસ્વતી સ્કૂલને પંદર વર્ષ પહેલાં મેદાન બનાવેલ હતું તેના ખૂણામાં વર્ષોથી સડતી તેના કલાસની પાટલીઓ પાસે પહોંચી ગયો.

"હેપ્પી બર્થડે... મારી પહેલી પાટલીનો પ્રેમ... મીરા! મને ખબર છે મારો પ્રેમ તો એકતરફી હતો, તે મને કદી પ્રેમ કર્યો જ નહતો. છતાં દર વર્ષની જેમ આજે પણ હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તારી જિંદગી હંમેશા આ ગુલાબની જેમ મહેકતી રહે. બધા તને ખુબ પ્રેમ કરે પરંતુ મારી જેમ તારા જીવનમાં પ્રેમ અધૂરો ક્યારેય ન રહે. હેપ્પી બર્થડે અગેઇન... પહેલી પાટલીનો પ્રેમ."

જાણે ગિફ્ટ આપતો હોય તેમ એક પછી એક બધું પાટલી પર મૂકી જમીન પર ફસડાઇ પડતાં ધ્રુસકે-ધ્રુસકે રડતા દેવે હંમેશા પહેલી પાટલી પર બેસતી મીરાને કહ્યું.

- દિવ્યેશ વિ. સોડવડીયા

# ૨૩. ડાઘ - દિવ્યેશ સોડવડીયા

દરવાજાના મિજાગરાનો અવાજ આવતાં એના શરીરમાંથી એક ઝણઝણાટી પસાર થઇ. બધું ઈશ્વર પર મૂકી એણે આંખો મીંચી દીધી અને ગોઠણે ચહેરો ઝૂકાવી બેડ પર બેસી રહી. રૂમની અંદરથી દરવાજો બંધ કરી તનય તેની બાજુમાં ગોઠવાયો. ઘડિયાળના કાંટાની 'ટીક..ટીક..' સાથે બંનેનાં ધબકારા ગતિમાન થતા હતા. પાંચ વર્ષનો પ્રેમ અને આત્માનાં મેળાપ બાદ આજે દેહમિલનનો સંયોગ હતો. છતાં બેઉ અસમંજસમાં પટકાઈ ગયા હતા.

"તનય, હું તને કંઈક કહેવા..."

"તારે કંઈ કહેવાની જરૂર નથી. લે આ કપડું! અને મારી આંખો પર બાંધી દે."

"પરંતુ.. મારે તને એક ચોખવટ..."

"હું પણ તારી આંખોને આ કપડાંથી ઢાંકી દઈશ." ખામીઓ છતી ન થાય તેથી તનયે ઉપાય અજમાવતા કહ્યું.

બંનેએ એકબીજાની આંખે અંધાપો બાંધ્યો. પળભરમાં આવરણો દૂર થતા ગયા. લાંબો સમય દેહનું અલૌકિક મિલન થતું રહ્યું. ઈશ્વરે જાણે એકબીજા પર દ્રઢ વિશ્વાસ મૂકીને સત્ય કહેવાનો સંદેશો આપ્યો હોય તેમ અનાયાસે બંનેએ એકબીજાની આંખો પરના કપડાની ગાંઠ એકસાથે છોડી દીધી. નાઇટલેમ્પનાં ઝાંખા ઉજાસમાં બેઉનાં શરીર પરના મસમોટાં ધોળાં ડાઘ જાણે મિલનમય થઈ એકબીજાનાં ડાઘને સંતાડી રહ્યાં હતાં.

"તારા ડાઘની તો મને ખબર હતી પરંતુ મારા ડાઘ વિષે તું જાણશે તો તું મારી સામે ક્યાંક નમતું ન માની લે એ વિચારીને આજ સુધી તારાથી આ વાત છૂપાવી, કેમકે હું તને સ્વમાનભેર જીવાડવા માગું છું." પોતાના ડરને હરાવતા સ્વગત બોલાઈ ગયું.

- દિવ્યેશ વિ. સોડવડીયા

## ૨૪. મલાજો - જલ્પા જૈન, સંજય ગુંદલાવકર

"હોંશમા આવ જીગલા, તને નહીં એ તારા પૈસાને પ્રેમ કરે છે." પપ્પાના શબ્દો હજીય કાને પડઘાતા હતા.

તેજીલો તોખાર તૂટી ગયો. પ્રેમ, પૈસાને પિતા ત્રણેયને ખોઈ બેઠેલા જીગરના હાથમાં ડાઘુએ સળગતી મશાલ પકડાવી.

પિતાની ચિતામાં ચર્ચાઓ ચચરવા લાગી. હા.. ડાઘુઓ સહ એનેય સ્મશાનબહાર ઉભેલી ઓલી દેખાઈ. પણ ઝાંઝવાનાં જળ ખાળવા જીગલો મક્કમ રહ્યો.

- જલ્પા જૈન, સંજય ગુંદલાવકર

## ૨૫. સાક્ષાત્કાર - મહાકાન્ત જોશી

સુંદર મુખાકૃતિ, અણિયાળું નાક, લિપસ્ટિક મઢ્યા હોઠ, લાંબી અને જોતાં પરાણેય પ્રેમ જગાડે એવી આંખોવાળી એ મારી નજીક આવીને ઉભી રહી. બસમાં ખાસ્સી ભીડ હતી. મેં મારી સીટમાં એને બેસાડી. નવલી નવોઢા આ બાળકી ક્યાંક જોયાનું યાદ આવ્યું.

મેં આંખો મીંચીને એ યાદને શોધવા માંડી. ત્યાં તો રત્નાભાઇની રમલીનો ચહેરો દેખાયો. હા, એવો જ નાક નકશો અને મોં પણ એના જેવું જ. અને એ રમલીને પણ આટલી ઉંમરે જ પરણાવેલી. પ...ણ..એની પહેલી જ સુવાવડમાં... શું આ પણ... મેં પરાણે આંખો ખોલી નાખી.

- મહાકાન્ત જોશી

## ૨૬. બંને સરખા - કલ્પેશ જયસ્વાલ

મેં વીસની નોટ કાઢી. રિક્ષાવાળાએ કહ્યું, "છુટ્ટા નથી. મારા પાંચ રૂપિયા બીજા કોઈ મારા રીક્ષાવાળા ભાઈને આપી દેજો."

મેં પણ હસીને કહ્યું, "ઉપરના રાખી લે, મારા જેવા બીજા કોઈ ભાઈની મદદ કરજે."

- કલ્પેશ જયસ્વાલ

## ૨૭. મેરી(!) ક્રિસમસ - પાર્મી દેસાઈ

માધવે ઘરમાં પગ મૂક્યો અને એની પત્ની બરાડી, "તને કી'ધું નહોતું... આજે ઘરમાં એક ફૂટી કોડીય નથી, ભૂખથી રડતા છોકરાં તારી રાહ જોતા જોતા સૂઈ ગયા..."

"...મને યાદ તો હતું, પણ શેઠે આવવા ન દીધો.. ઉપરથી એવુંય કી'ધું કે હજી પાંચ દિવસ આટલું જ મોડુ ઘેર જવાશે.. શું કરું, શાન્તાક્લોઝ ને જોવા લોકો રાત્રે ખાઇ પરવારીને જ નીકળતા હોય!!

- પાર્મી દેસાઈ

## ૨૮. હેપ્પી બર્થ ડે - સુષમા શેઠ

દસ સળગતી મીણબત્તીઓ પર ફૂંકને બદલે થૂંક વધુ ઊડી. હાથ પકડીને વિકલાંગ દીકરાને મમ્મી-ડેડીએ કેક કપાવડાવી.

"આજે માલો હેપ્પી બડે છે. હું બવ હેપી છું પન માલા બર્થથી તમે નોટ હેપી હને મમ્મી-ડેડી?" ગૂઢ અર્થસભર છ આંખો મળી. અસંતુલિત હાથને પરાણે સ્થિર કરી વિસ્ફારિત નેત્રે ગુડ્ડુએ કેકનો ટુકડો ડેડીના મ્હોંમાં પધરાવ્યો.

તેની ડોક એક તરફ ઢળેલી હતી અને ખુલ્લા રહી ગયેલા મુખમાંથી લાળ નીચે ટપકી. ડેડીના હાથમાંથી કેકનો ટુકડો પડી ગયો.

- સુષમા શેઠ

## ૨૯. આશા - આરતી આંત્રોલીયા

ફેસબુક પર પરીએ પોતાનું સ્ટેટસ અપલોડ કર્યું,

"ન રાખ આશા કદી કોઈ પાસ,

કરી શકે કોણ પછી તને નિરાશ?"

થોડીવાર થઈને પરીને ચટપટી થઈ, લાવ જરા જોઉ તો ખરી કેટલા લાઇકસ મળ્યા!

- આરતી આંત્રોલીયા

## ૩૦. ભંડોળ - આરઝૂ ભુરાણી

વર્કીંગ સાઈટ પર કુંદનરાયનાં ઝભ્ભા પર ભૂલથી ચા પડતાં ચમનને બે અડબોથ પડી અને હજુ પણ પડત, પણ ત્યાં તો કુંદનરાયનો ફોન રણક્યો.. "સર! તમારા બાલહિંસા નાબૂદી અને બાળ શિક્ષા અભિયાનને એક લાખનું ભંડોળ મળ્યું તો મને.."

- આરઝૂ ભુરાણી

# અનુદિત માઈક્રોફિક્શન્સ..

## ૧. The last leaf (છેલ્લું પાંદડુ) - ઓ' હેન્રી, અનુ. : આરઝૂ ભુરાણી

પૂર્વમાં આવેલી શેરીઓ વોશિંગ્ટનને અનેક ફાંટાઓમાં વહેંચતી અને એ ફાંટાઓમા જ તે ધબકતું!

આવી જ કોઈ એક શેરીમાં જોહાના અને સ્યુ એક અપાર્ટમેન્ટમાં રહેતાં. આ જ બિલ્ડીંગમાં એક ચિત્રકાર બરહામ રહેતો. તે હંમેશા કહેતો કે હું મારું છેલ્લું ચિત્ર માસ્ટરપીસ બનાવીશ!

એ મે નો સમય હતો અને નવેમ્બરમાં એક અજાણ્યા મહેમાનનું આગમન થયું જેને લોકો 'ન્યુમોનિયા' કહેતા. અને તેણે પોતાની બરફીલી ચાદર ખૂબ ઝડપથી પાથરી દીધી. સ્યુને પણ ભારે ન્યુમોનિયા થયો. દવાઓએ અસર બંધ કરી દીધી.

એક વખત એવા જ એક વ્યસ્ત ડૉક્ટરે જોહાનાને કહ્યું, "જ્યારે દવાઓ કામ કરવાનું બંધ કરે ત્યારે હું એક જ રસ્તો અપનાવું છું!" ને કશુંક કહ્યું.

ડિસેમ્બરની એક વહેલી સવારે જોહાનાને ડૂસકાં સાથે અવાજ આવ્યો, "દશ, નવ.."

"સ્યુ? શું ગણે છે?"

"આ પાંદડા જ મારું જીવન નક્કી કરશે! તે છે ત્યાં સુધી જ હું જીવીશ."

"આવું ન વિચાર.." આંસુ સાથે જોહાનાએ કહ્યું.

અને જોહાનાએ બરહામને કંઈક કહ્યું, બીજે દીવસે સ્યુ નાચી ઉઠી!

"જોહાના! જો આ પાંદડું! એક જ! હું હવે જીવીશ જ! તે મારી માટે જ રોકાયું છે!"

અને ડોક્ટરનો ફોન આવ્યો "બરહામ નું કાતીલ ઠંડીમાં રહેવાને લીધે.."

જોહાના રડી પડી. સ્યુને પેલું પાંદડું બતાવ્યું અને પૂછ્યું, "આટલા પવનમાં પણ તે કેમ સ્થિર છે?" બરહામ તેનું છેલ્લું માસ્ટરપીસ બનાવી ને.."

- આરઝૂ ભુરાણી https://en.wikipedia.org/wiki/The_Last_Leaf

## ૨. The Literary Life (ફેરબદલ) - ડેરેક પાર્કર, અનુ. – ડૉ. નિલય પંડ્યા

તે કેટલાંય વર્ષોથી નિયમિત રીતે પુસ્તકાલયમાં જતો. કોઈ પોતાને જૂએ નહિ એમ તે એક વિભાગમાંથી પુસ્તક લઈને બીજા વિભાગમાં મૂકી દેતો.

વર્ષો પછી પુસ્તકાલયની હાલત એવી હતી કે 'બૅકેટનાં નાટકો' હવે પ્રેમકથાઓનાં વિભાગમાં હતાં તો 'કપકેક ફોર ઍવરીવન' નામનું રસોઈનું પુસ્તક શૃંગારિક સાહિત્યનાં વિભાગમાં હતું. બીજી તરફ 'કૅચર ઈન ધી રૈ' નામની પુખ્ત નવલકથા વિજ્ઞાનકથાઓનાં વિભાગમાં હતી તો ચમકીલું મુખપૃષ્ઠ ધરાવતી, ત્રણ ઈંચ જાડી બૉડીસ-રીપરની અંતરંગ પ્રણયકથાઓ હવે ગણિત-વિજ્ઞાનનાં વિભાગમાં પહોંચી ગઈ હતી.

ધીરે ધીરે કરતાં આ વાતને દાયકાઓ વીતી ગયાં પછી તેને થયું કે આખી જીંદગી પોતે કરેલી પુસ્તકોની આ ફેરબદલી પર તો કોઇની નજર સુધ્ધાં નથી પડી!

"મારી આખી જીંદગી તો વ્યર્થ ગઈ" તે મરતાં સમયે વિચારી રહ્યો હતો. એટલામાં જ તેને કોઈ ઊંડાણમાંથી એક અવાજ સંભળાયો. એ પરમેશ્વરનો અવાજ હતો, જે કહી રહ્યા હતાં, "ચાલો, છેવટે કોઈને તો સમજાયું!"

મૂળ લેખક – ડેરેક પાર્કર

અનુવાદ – ડૉ. નિલય પંડ્યા

https://microfictionmondaymagazine.com/tag/derek-parker/

## ૩. વિવશ વિદ્રોહ - કૃષ્ણાનંદ કૃષ્ણ, અનુ. : અનસુયા દેસાઈ

તે દિવસે અજીબ થઇ ગયું. પળભરમાં હંગામો થઇ ગયો. સુશીલા અવાક થઇ ચૂપચાપ પાર્વતીનું મોઢું જોઈ રહી હતી. કછોટો વાળી તે જખ્મી વાઘણની જેમ આર્તનાદ કરી રહી હતી.

“માલકણ (ધણિયાણી) અમે ગરીબ છે, તમારા ઘરમાં વાળ-ઝૂડ કરીએ છીએ એનો મતલબ એ નહીં કે અમારી કોઈ ઈજ્જત-આબરૂ નથી. તમે લોકો જયારે મનમાં જે આવે એ બોલી લો...” બોલતા બોલતા એ હાંફવા લાગી હતી.

હાથમાં પકડેલું ઝાડૂને તેણે ફેંકી દીધું અને માલકણ તરફ આંખ ફાડી જોવા લાગી.

“અરે પાર્વતી, શું થયું? શાંત થઇ જા. આખરે હું પણ તો સાંભળું, વાત શું છે? એવું તે શું થયું છે કે તે આખું ઘર માથા પર ઉઠાવી લીધું?” પાર્વતીને શાંત કરતાં સુશીલાએ પૂછ્યું.

માલકણની સ્નેહભરી વાતોએ પાર્વતીને અંત:કરણ સુધી ભીંજવી દીધી. તેની આંખો ભરાઈ આવી. સ્નેહ મળતા તેની ધીરજનો બંધ તૂટી ગયો. ડૂસકાં ભરતા એણે કહ્યું, "માલકણ, હવે મારાથી આ ઘરમાં કામ થશે નહીં. જ્યાં માણસની ઈજ્જત ન હોય ત્યાં ક્ષણભર રોકાવું ન જોઈએ. તમે મારો હિસાબ કરી દો. હું બીજી જગ્યાએ ચાલી જઈશ.”

“કરી લે તારો હિસાબ-કિતાબ અને ફટ અહીંથી, નહીં તો...” આ સુશીલાની વહુનો અવાજ હતો.

“નહીં તો, શું કરી લેશો તમે? બોલોને બીબીજી! હું મફતના પૈસા નથી લેતી. હાડકા તોડું છું તો પૈસા લઉં છું. પછી ધમકી કઈ વાતની?“

“અરે પાર્વતી! તું વહુની વાત પર ન જા! એણે હજુ દુનિયાદારી ક્યાં જોઈ છે? અને તું બતાવ, તું તો મને મા જેવું માન આપે છે, હું પણ તને દીકરી જેવી માનું છું. તું જ બતાવ, તું ખરેખર મારી દીકરી હોત તો શું વહુના આટલું કહેવા પર મને છોડીને ચાલી ગઈ હોત?” આંસુ ભરેલી આંખોથી સુશીલાએ પાર્વતીને જોતા કહ્યું.

સુશીલાની આંસુ ભરેલી આંખો જોઈ પાર્વતીનો ગુસ્સો ઉડી ગયો. એણે કંઈ કહ્યું નહીં, એ ચુપચાપ ઉઠી અને પોતાની જાતને કામમાં લગાવી દીધી.

મૂળ લેખક : કૃષ્ણાનંદ કૃષ્ણ

અનુવાદ : અનસુયા દેસાઈ

http://www.abhivyakti-hindi.org/kahaniyan/mahanagar_ki_kahaniyan/2008/bebas.htm

## ૪. Devotion (નિષ્ઠા) - ડિયાન હેન્ડ્રિક્સ, અનુ. : સંજય ગુંદલાવકર

એણે આખો ઉનાળો એની દેખરેખમાં વિતાવી દીધો. એ પચાસ વર્ષથી એના જીવનમાં આવ્યો હતો.

“મમ્મી.. તમે ખરેખર મહાન છો.” પર્લ બોલી. “આ સામર્થ્ય તમે ક્યાંથી મેળવ્યું?”

"એટલુંય આકરું નથી.” હવે સાવ મડદાલ જેવી દેખાતી એના પતિની પીળી આકૃતિને એકીટશે જોતાં મિલીએ જવાબ આપ્યો, "હું તેમને પ્રેમ કરું છું."

મમ્મીને એક કપ ચા બનાવી આપવાના બહાને પર્લ, એ અંધારિયા બેડરૂમમાંથી બહાર સરકી ગઈ.

મિલી પથારીવશ પતિનું ગહનરુપે નિરીક્ષણ કરીને હળવે રહીને બોલી, “એય સ્વાર્થી ડોસલા, ત્રાસ સહન કરવાને બદલે મરતો કેમ નથી?"

પર્લ દરવાજામાં ખોડાઈ ગઈ, ચાનો કપ જમીન પર પછડાતા એ હાંફવા લાગી.

મૂળ લેખક : ડિયાન હેન્ડ્રિક્સ

અનુ. : સંજય ગુંદલાવકર

https://www.101words.org/devotion/

આવો મળીએ...

Gujarat Literature Festival અંતર્ગત માઈક્રોફિક્શનના વર્કશોપમાં, ૧૫ ડિસેમ્બરે અમદાવાદ

Gujarat Literature Festival અંતર્ગત માઈક્રોફિક્શનની ચર્ચા માટે. ૧૮ ડિસેમ્બરે અમદાવાદ

